

ગુરુકહાન તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા,
ભવ ભવ રહો અમ આત્મને સાન્નિધ્ય આવા સંતનાં.

# * આત્મધર્મ *

[ [illegible] ]

# પૂજ્ય ગુરુદેવશ્રીનો અસીમ ઉપકાર

આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે અને એવો ઉત્તમ આત્મા જેણે આપ્યો તેના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમના અપાર ઉપકારનો પ્રત્યુપકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ પાત્ર જીવને કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી વધુ ને વધુ શ્રીગુરુ પ્રત્યે અર્પણતા આવે છે તેમ તેમ તે જીવ ઉપર શ્રીગુરુનો ઉપકાર વધતો જ જાય છે.

આત્માનુશાસનમાં કહ્યું છે કે જગતમાં જે ખાડો હોય છે તેમાં પથ્થર વગેરે દ્રવ્યો નાખવાથી તે પુરાય છે પણ તૃષ્ણારૂપી ખાડો એથી વિચિત્ર સ્વભાવવાળો છે; જેમ જેમ તેમાં દ્રવ્યો નાખવામાં આવે છે તેમ તેમ તૃષ્ણારૂપી ખાડો વધુ ને વધુ ઊંડો થતો જાય છે.

શ્રીગુરુનો ઉપકાર પણ એક અદ્ભુત આશ્ચર્ય છે. જેમ જેમ તેમના પ્રત્યે વધુ અર્પણતા કરવામાં આવે છે તેમ તેમ તે પાત્ર જીવની પરિણતિ વધુ ને વધુ વિશુદ્ધતાને પામતી જાય છે અને સાથે સાથે તે જીવ આશ્ચર્યકારી સાતિશય પુણ્ય બંધને પ્રાપ્ત થાય છે. તે વિશુદ્ધિ તથા પુણ્યમાં સત્ પુરુષ જ નિમિત્ત છે. તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતાની ભાવનાથી જેટલી વધુ ને વધુ અપર્ણતા કરવામાં આવે છે તેમ તેમ તે સત્ પુરુષ તેના આત્મહિતમાં વિશેષ વિશેષ નિમિત્તભૂત બનતા જાય છે. તે કારણથી તેઓશ્રીનો ઉપકાર તો વધતો જ રહે છે. તેથી તે વાત સિદ્ધ થાય છે કે આત્મદાતા શ્રીગુરુનો પ્રત્યુપકાર અસંભવિત છે એવા અસીમ અને નિષ્કારણ ઉપકારી પ્રત્યે સર્વસ્વાર્પણતા કરવી તે શિષ્યના હિતનું કારણ છે.

સત્પુરુષને શિષ્યની ભક્તિની કાંઈ જરૂર નથી પરંતુ શિષ્યને જ્યાં સુધી અમાપ ઉપકારનું ભાન થઈને, તેઓ પ્રત્યે ભક્તિ—અર્પણતા આવે નહિ ત્યાં સુધી તેઓશ્રીએ આપેલું જ્ઞાન પરિણમતું નથી. તેથી પોતાના સ્વહિતના અર્થે શ્રીગુરુ પ્રત્યે ભક્તિ-અર્પણતા આવે તો જ પોતાનું કલ્યાણ થાય છે—એવી વસ્તુસ્થિતિ છે. * *

फ दिव्य पुरुष फ

૧..મી જન્મ જયંતી

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૬
અંક-૧૦
[ ૫૫૮ ]




વીર
સંવત
૨૫૧૬
સં. ૨૦૪૬
APR.
A.D. 1990

# આત્મધર્મ

## શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પરમોપકારી ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

### * પવિત્ર હસ્તાક્ષર *

[આત્માનુભૂતિપરિણત અધ્યાત્મશ્રુતરહસ્યોદ્‌ઘાટક જિન-શાસનપ્રભાવક પરમોકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પોતાના જીવનકાળમાં મુખ્યપણે અધ્યાત્મ જેવા ગહન વિષય પર પ્રવચન તેમ જ ચર્ચા જ કરતા હતા, તે છતાં વિનંતી કરવાથી ક્યારેક ક્યારેક પોતાના પવિત્ર હસ્તાક્ષરમાં અધ્યાત્મ-વિષય પર સંક્ષેપમાં લખી આપતા હતા. તેમાંથી કેટલાક મંગલ હસ્તાક્ષર તેઓની મંગલમય જન્મ શતાબ્દીના સમાપન-અવસર પર 'આત્મધર્મ'ના પ્રસ્તુત અંકમાં આપવામાં આવે છે, જેને વાંચીને પાઠકગણ અવશ્ય આનંદિત થશે.]

પરમ પારિણામિક ભાવ છું

કારણ પરમાત્મા છું

કારણ જીવ છું

શુદ્ધ ઉપયોગી હું

નિર્વિકલ્પી હું

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ૐ

સ્વ સ્વભાવ સન્મુખનું જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન છે
એકલા પરસન્મુખનું જ્ઞાન તે અજ્ઞાન છે.
કારણ કે સ્વ સ્વભાવની સંપૂર્ણતાના ભાન વિના
એક સમયની પર્યાયની અપૂર્ણતામાં પૂર્ણતા માની છે
તેથી પૂર્ણ સ્વભાવને લક્ષમાં લઈ પૂર્ણ સાધન
સાધવું.

ૐ

આત્માનું જ્ઞાન સ્વ પર પ્રકાશક
હોવાથી તેના અનુભવના કાળમાં પણ
તે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનને પણ પ્રકાશે છે
અને આનંદને પણ પ્રકાશે છે તેથી તેને
નિશ્ચયથી સ્વપર પ્રકાશક કહેવાય છે.

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે, હું જે આ ભાવ કહેવા માગું છું. તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે <u>પ્રમાણ કરજો</u>; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે, તેમાં મારા વર્તતા સ્વ- આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે, 'આત્મ-દ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું- એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.' મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર આવન-જાવન કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહા મુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર- જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારીત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા—સિદ્ધદશા-પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, શાન્ત પડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ૐ

"અનેકાન્તિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી." શ્રીમદ્ રાજચંદ્ર.
અનેકાન્તિક માર્ગ એટલે કે ઉપાદાન પણ છે, નિમિત્ત પણ છે. અભેદ પણ છે, ભેદ પણ છે, શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે. દ્રવ્ય પણ છે, પર્યાય પણ છે. નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે. એમ હોવા છતાં સમ્યક્ એકાંત એવા શુદ્ધ દ્રવ્ય સ્વભાવના અવલંબન વિના નિજપદની પ્રાપ્તિ થઈ શકતી નથી અને શુદ્ધ સ્વભાવના આશ્રય સિવાય ભેદ, નિમિત્ત, વ્યવહાર, અને પર્યાય નું અનેકાંતિક જ્ઞાન પણ યથાર્થ થઈ શકતું નથી.

ગુરુદેવના હસ્તાક્ષર

ૐ

નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે.
તે આબાલ ગોપાલ કરી શકે છે.
એ વીના શાંતીનો બીજો કોઈ ઉપાય નથી.

ૐ

ભાવ શ્રુતજ્ઞાન રૂપ પરિણમન કે જેમાં સમ્યક દર્શન જ્ઞાન-ચારિત્ર સમાય છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમન અખંડ એક દ્રવ્યના આશ્રયે પ્રગટે છે જે સર્વજ્ઞનાં સર્વ કથનનો સાર છે.

ૐ

શુદ્ધ આત્મા સિવાય બીજા પાંચ દ્રવ્યો અને સંસારી જીવનું જ્ઞાન કરતા જ્ઞાન કરનારને જ્ઞાન નથી તેમ સુખ નથી.
શુદ્ધ સ્વભાવના જ્ઞાન કરનારને જ્ઞાન છે અને સુખ છે, માટે શુદ્ધાત્મા જ ઉપાદેય છે.

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ૐ

ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન તે
રાગ દ્વેષનું કર્તુત્વ મનાવે છે.
રાગ દ્વેષનું કર્તુત્વ હોતાં અકર્તા એવો
જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો
નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું રાગ દ્વેષ
નું કર્તુત્વ એવું અજ્ઞાન એજ સંસારનું બીજ છે.

ૐ

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો
અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ
નજર પણ કરતો નથી પોતા તરફ નજર
કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર
તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં
માનતા અને તેમાં સ્થિર થતાં જ્યાં થાક
તેવો સાજ પોતેજ છે.

# જન્મશતાબ્દી-સમાપન-વિશેષાંક

ૐ

ચૈતન્ય વસ્તુનો સ્વભાવ તે ત્રિકાળ
નિત્ય છે વિકાર તે ક્ષણિક અનિત્ય છે તેથી
ત્રિકાળ સત્‌ની અપેક્ષાએ તે અસત છે.
અને પરપદાર્થ તો આત્મામાં એક સમય પણ
નથી તેથી તે આત્માની અપેક્ષાએ અસત છે
માટે પરમ સત એવો જે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ
તેનું શરણ લેવું.

ૐ

આત્માનો સ્વભાવ નવાં કર્મબંધન
ને નિમિત્ત થવાનો નથી. જો કર્મને નિમિત્ત
થવાનો સ્વભાવ હોય તો બંધનનું નિમિત્ત
કારણ એવો વિકાર ત્રિકાળ કરવો પડે
અને એથી બંધન કદી મટે નહિં માટે
આત્માનો સ્વભાવ પરમાર્થે અબંધ છે
એવી શ્રદ્ધા થવી તે ધર્મ છે.

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ૐ

નિજ પરમ પાવન પરમાત્માનું
નિજ પરમ સ્વરૂપ, તેના સ્વાદની
પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા
એ અમૂલ્ય ચિંતામણિ રત્ન છે.
કે જેનું મુલ્યાંકન હોઈ શકે નહિં.

ૐ

સ્વાલંબી ઉપયોગરૂપ સ્વજ્ઞાન સાધીને
જે ક્ષેત્રથી સિદ્ધ થયા તે જ ક્ષેત્ર
સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે બિરાજે છે,
તેના સ્મરણના કારણરૂપ
આ તીર્થ નિમિત્ત છે.

ૐ

સમ્યક્ દ્રષ્ટિ પોતાં સહજાત્મ ચૈતન્યનો
સ્વામી થાય છે તેનું ફળ મુક્તિ છે.
તેથી વિપરીત મિથ્યા રૂચિમાં પરપદાર્થ
અને વિકારનો સ્વામી થાય છે.
તે બંધનું કારણ છે.

# જન્મશતાબ્દી-સમાપન-વિશેષાંક

ૐ

સ્વભાવ તે ઇષ્ટ છે, વિભાવ તે અનિષ્ટ છે.

સ્વભાવમાં વિભાવનો ત્યાં વિભાવમાં

સ્વભાવનો અભાવ છે તે જ અનેકાંત છે.

જગતના જીવોને આ અનેકાંત જ કલ્યાણ છે

ૐ

આત્માનું બળ એટલે કે વીર્ય એમાં એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના કરે છે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકાર ને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી

પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓનું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્ય રૂપ એક વીર્ય શકિત છે કે જેનું શક્તિવાન એવા આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણપર્યાય એ ત્રણેમાં વ્યાપવું થાય છે.

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ૐ

આત્મા સહજ આનંદ સ્વરૂપ છે તે ખરેખર દુઃખ રૂપ નથી. કેમકે પદાર્થનો સહજ સ્વભાવ અવિકૃત હોય છે તેથી અસલમાં દુઃખ નથી

ૐ

આત્મામાં એટલે કે અનંત શક્તિ સંપન્ન દ્રવ્યમાં અનંત શક્તિનું સ્વસંવેદન પણ એટલે કે નિજ (પોતાના) ભાવથી રાગના અભાવરૂપ પોતાના સ્વભાવથી સત્યરૂપ વેદન કરવું એ અનંત ગુણાદિની એક એવી સ્વસંવેદન શક્તિને વ્યાપે છે.

ૐ

અનંત ગુણ સ્વરૂપ આત્મા ના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ, તેને (આત્માને) એકને ધ્યેય બનાવી, તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલામાં પહેલો શાંતિ સુખનો ઉપાય છે.

ૐ

આત્મામાં એક સુખશક્તિ નામનો ગુણ કે જેની અંતર શક્તિની મર્યાદા અનંત છે. તેવા ગુણની બુદ્ધિ વડે આત્મરૂપ દર્પણને આદર કરતાં પાંચ ઈન્દ્રિયોના ઈંદ્રિયાદિના વિષયોને પણ હેય માની છોડે છે.

ૐ

આત્માને અવિરત ચોથા ગુણસ્થાનમાં પણ પ્રથમ સ્વસંવેદન પ્રત્યક્ષનું થયું તે અનિવાર્ય છે કેમકે તેમાં રાગાદિની અપેક્ષા રહેતી નથી. તેથી તેને વિલક્ષણ અનુભૂતિ કહેવાય છે.

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## જન્મશતાબ્દી-સમાપન-વિશેષાંક

ૐ

અનેકાંત એ અમૃત છે
કારણ સત સ્વરૂપે છે તે પરરૂપે નથી
તેમાં આવું હોવું તેમાં પરના અભાવ ભાવ રૂપ હોવાથી
સ્યાત્ શાંતિ વેદાય છે. એ જ અમૃત છે.

ૐ

જે સુખ થાવું હોય તેણે સુખ
સ્વરૂપ એવો આત્મા કે જે સુખસ્વભાવનું
આલંબન પામે છે તેના આશ્રયથી સુખ
થવાય છે અને દુઃખનો નાશ થાય છે.
એવો સત્ય પ્રતીતમાં આવે છે
અને અસત્યની પ્રતીતનો નાશ થાય છે
આથી સત્યનું રૂચીથી જ્ઞાન થાય છે અને
અજ્ઞાનનો નાશ થાય છે. તેમજ સત્યમાં
સ્થિરતા થાય છે અને અસ્થિરતાનો નાશ
થાય છે.

ગુરુ-કહાન-જન્મશતાબ્દી-સમાપનના ઉપલક્ષમાં

# ગુરુ-જ્ઞાન-સાગરનાં અણુમૂલાં રત્નો

## ૧૦૧

* જેવું સિદ્ધાલય છે એવું જ દેહાલય છે. દેહદેવળમાં અખંડ આનંદરસની કાતળી પૂર્ણાનંદથી ભરેલ ભગવાન બિરાજે છે. સિદ્ધદશા તો એક સમયની પર્યાય છે અને સિદ્ધસ્વભાવ તો એવી અનંતી પર્યાયનો પિંડ છે. એ દેહાલયમાં સ્થિત સિદ્ધ સ્વભાવનું ધ્યાન કરવાયોગ્ય છે. વંદન-સ્તુતિ કરવાયોગ્ય જે ગણધરાદિ છે તે પણ જેમને વંદન-સ્તવનાદિ કરે છે એવા શુદ્ધાત્માનું હે પ્રભાકર ભટ્ટ તું ધ્યાન કર; સિદ્ધ પરમાત્મા અને દેહમાં સ્થિત પોતાના આત્મામાં ભેદ ન પાડ. ૧.

* સાધ્ય એવો જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધભગવંતો છે. દ્રવ્યસ્તુતિ દ્વારા 'હે સિદ્ધ પરમાત્મા!' એમ કહે છે ત્યાં ભાવસ્તુતિ દ્વારા પોતાના આત્મામાં પડઘો પડે છે કે 'હે સિદ્ધ પરમાત્મા!' આ રીતે સાધ્ય તો માત્ર પોતાનો આત્મા જ છે પણ સિદ્ધભગવંતો સાધ્યના પ્રતિચ્છંદના સ્થાને છે. એવા તે સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે, સિદ્ધરૂપે જ મારું સ્વરૂપ છે, એવા સિદ્ધસ્વરૂપ નિજ આત્માને ધ્યાઈને, સંસારી જીવો તેમના જેવા થઈ જાય છે. ૨.

* હે યોગી! દેહમાં પરમાત્મા વસતા હોવા છતાં એ દેહમાં વસેલા પરમાત્માને તું કેમ દેખતો નથી? એ પરમાત્માને દેખવાથી તારા પૂર્વ ઉપાર્જિત કર્મના ચૂરા થઈ જશે અને તું નિર્વાણને પામીશ. મોટા પુરુષ મળવા આવ્યાં હોય અને સાધારણ બાળક આદિ સાથે વાતો કરવામાં રોકાઈ જાય તો તે મોટા પુરુષનું અપમાન છે. તેમ ત્રણ લોકનું ઉત્કૃષ્ટ તત્ત્વ એવા નિજ પરમાત્મા દેહમાં વસતા હોવા છતાં તું દેખતો નથી

અને પર પ્રપંચને જાણવામાં રોકાઈને નિજ પરમાત્માનું અપમાન ક
રહ્યો છો. ૩.

* ગુરુ કહે છે કે ભાઈ! ધીરો પડ. દ્રવ્યદૃષ્ટિનો વિષય એવું
આત્મદ્રવ્ય તેને સમ્યક્‌પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિક
લખ્યો છે. પ્રમાણજ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત
આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્ર
સામાન્યનું અવલંબન શી રીતે લઈશ? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ
પરંતુ યોગ્યતારૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુસ્વભા
મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે નયોના કથનનું પ્રયોજન છે. ૪.

* મોક્ષમાર્ગની પર્યાય જેટલો તું નથી પણ પરમાત્માની પર્યાય-
પૂર્ણ પર્યાય જેટલો પણ તું નથી. નિર્વિકલ્પ ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે
છો. પરમ પારિણામિક સ્વભાવભાવ ધ્રુવ વસ્તુ તે નિજ પરમાત્મા છે. આત્
સ્વયં પરમાત્મા છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય આત્માની છે તે
ઉપચારથી કહેવાય છે. ૫.

* ભગવાન કહે છે કે ભાઈ! તું પરમ પારિણામિક વસ્તુ છો,
પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અ
તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન. જેમ પરદ્રવ્ય
તારા સ્વદ્રવ્યમાં અભાવ છે, પરદ્રવ્યનો અંશ તારા સ્વદ્રવ્યમાં આવ
નથી માટે તું પરદ્રવ્યનો અકર્તા છે, તેમ પર્યાયની સત્તા ધ્રુવમાં એક
થતી નથી, પર્યાયની સત્તા ધ્રુવની સત્તાથી ભિન્ન છે માટે નિર્મળ પર્યાય
કર્તા સ્વ-દ્રવ્ય—શુદ્ધ પારિણામિકભાવ નથી. ૬.

* સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આ
કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ-વ્યયની પર્યાયને કે બંધ-મોક્ષ
પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે. બંધ-મોક્ષની પર્યાય
જે કરતો નથી તેને અમે જીવ કહીયે છીએ—એમ જિનવરદેવ કહે છે.

* શુદ્ધાત્માની અનુભૂતિના સદ્ભાવમાં શુદ્ધોપયોગથી મોક્ષને કરે છે અને શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં શુભાશુભ ઉપયોગથી બંધને કરે છે. તોપણ શુદ્ધ પરમ પારિણામિકભાવ બંધ-મોક્ષને કરતો નથી. શુભાશુભ-ભાવને કરતો નથી ને અનુભૂતિને પણ કરતો નથી. પરમભાવની દૃષ્ટિથી અનુભૂતિનો તથા શુભાશુભભાવનો અકર્તા છે. ૮.

* આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. વર્ણાદિમાં પુદ્ગલ નાચે છે, રાગમાં પુદ્ગલ નાચે છે, અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અભેદ એક આકાર છે. તેથી વર્ણાદિ-રાગાદિ પુદ્ગલ જ છે. ૯.

* હે યોગી! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી. ૧૦.

* સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું—એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો. એ રીતે ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી જતાં તે જીવને દ્રવ્યકર્મનો પણ નિરોધ થઈ જાય છે ને દ્રવ્યકર્મ અટકી જતાં સંસારનો પણ નિરોધ થઈ જાય છે. એક અખંડ જ્ઞાયકભાવનો સ્વીકાર આવતાં સંસાર અટકી જાય છે. ૧૧.

* પરદ્રવ્ય તો આત્માનું સ્વરૂપ નથી, રાગ તો તારો નથી પણ નિર્વિકલ્પ મોક્ષમાર્ગની દશા પણ તારું વાસ્તવિક સ્વરૂપ નથી, તે પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. અહીં તો દૃષ્ટિનો વિષય બતાવવો છે, તેથી દૃષ્ટિના વિષયમાં પર્યાય નથી તે અહીં બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય સમ્યગ્દૃષ્ટિ નથી, દૃષ્ટિનો વિષય દૃષ્ટિ વિનાનું—પર્યાય વિનાનું દ્રવ્ય છે તોપણ નિશ્ચય મોક્ષમાર્ગ સાધક હોવાથી તેને સદ્ભૂત ઉપચાર-નયથી જીવનું સ્વરૂપ કહ્યું છે. ૧૨.

* નય શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે જો અંદર દૃષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું—અવલંબનનું—જોર સતત વર્તતું હોય. ધ્રુવસ્વભાવના આલંબનનું બળ જ્ઞાનીને સદૈવ વર્તતું હોવાથી તેનું જ્ઞાન સમ્યક્પ્રમાણ છે અને તેને જ ક્રિયાનય, જ્ઞાનનય, વ્યવહારનય અને નિશ્ચયનય વગેરે નયો દ્વારા વર્ણવાયેલા ધર્મોનું સાચું જ્ઞાન હોય છે, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને નહીં, કેમ કે તેને શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવસ્વભાવનું ભાન નહિ હોવાથી તેનું જ્ઞાન અપ્રમાણ છે—મિથ્યા છે. ૧૩.

* સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ૧૪.

* નગ્નપણું-દ્રવ્યલિંગ તો સર્વથા આત્માના નથી પણ જે મોક્ષમાર્ગ છે, જે જિનશાસન છે તે ભાવલિંગદશા કે જે શુદ્ધ પૂર્ણાનંદની પ્રાપ્તિમાં સાધક છે તેને પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. એમ કહીને નિમિત્તનું લક્ષ છોડાવ્યું, રાગનું લક્ષ છોડાવ્યું, અરે! નિર્વિકલ્પ મોક્ષમાર્ગની પર્યાયનું પણ લક્ષ છોડાવ્યું છે. ૧૫.

* ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં પરિણતિના ષટ્કારકની ક્રિયાનું લક્ષ છૂટી જાય છે. પર્યાયના ષટ્કારકની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે ત્રિકાળી નિર્મળ અનુભૂતિ તે હું છું એમ લક્ષ કરતાં સમ્યગ્દર્શન થાય છે. વિકારના ષટ્કારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટ્કારકનાં પરિણમનું લક્ષ પણ છોડીને તેનાથી ભિન્ન છું એવી દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. ૧૬.

* પરની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય નથી, પરંતુ સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. પર્યાય ને દ્રવ્ય બે ભિન્ન સત્તા છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી, વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. આવા ભગવાનને લક્ષમાં લેનારી પર્યાય પણ વસ્તુમાં આવતી નથી. ૧૭.

* જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો—વિશેષ કાર્યનો હેતુ (નિમિત્તકારણ) અજીવ છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જીવનાં વિશેષ કાર્ય છે અને તેમનાં નિમિત્તકારણ જે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ, અને મોક્ષ એ કેવળ અજીવ છે. જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર એટલે કે જીવ અને પુદ્ગલ જેમના કારણ છે—કર્તા છે એવાં આ નવ તત્ત્વોને એક દ્રવ્યના પર્યાયપણે અનુભવતાં તેઓ ભૂતાર્થ છે. પરંતુ અખંડ, ધ્રુવ એકરૂપ જીવદ્રવ્યના સ્વભાવની સમીપે જઈને એટલે કે તેને દૃષ્ટિમાં લઈને એકરૂપનો અનુભવ કરતાં આ નવ ભેદો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. ૧૮.

* મારી પ્રભુતા એવી છે કે હું રાગના સ્વામીપણે કદી પરિણમતો નથી. રાગનું સ્વામીપણું તો રાંકાઈ છે—ભીખારાપણું છે. ગણધરદેવ પણ રાગપણે પરિણમે છે પણ રાગના સ્વામીપણે પરિણમતા નથી. તુરત વીતરાગતા આવશે નહીં ત્યાં સુધી રાગ આવશે ખરો, પણ રાગના સ્વામીપણે હું પરિણમતો નથી. કેમકે સ્વ-સ્વામી નામનો મારો ગુણ હોવાથી દ્રવ્ય-ગુણ તે મારા સ્વ ને હું તેનો સ્વામી છું. મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે. ૧૯.

* પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ. નિર્મળ પર્યાયથી પણ ભિન્ન જે ભૂતાર્થ વસ્તુ છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, તેના પર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ થશે ને મિથ્યાત્વનો વ્યય થશે. માટે શુદ્ધ વસ્તુમાં જ—તેની દૃષ્ટિ કર. સંયોગથી તો ભિન્ન, દયા-દાનના વિકલ્પથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન વસ્તુ શુદ્ધ છે, તેની દૃષ્ટિ કરતાં ધર્મની શરૂઆત થાય છે. આ એક જ ધર્મની રીત છે, ધર્મની વિધિ છે, ધર્મની કળા છે. બીજા લાખ ઉપાયે પણ ધર્મ થશે નહીં. ૨૦.

* બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત, મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાય રહિત એક અખંડ જ્ઞાયકરસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું—એમ સ્વ-વસ્તુની મહિમા પૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્-પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે. ૨૧.

* દ્રવ્યદૃષ્ટિમાં વસ્તુ જ્ઞાયક જ છે, તે શુભાશુભભાવરૂપે થયો જ નથી, અચેતનરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમે તો અચેતન થઈ જાય તેથી તે પ્રમત્ત-અપ્રમત્તપણે થયો નથી. અસંખ્ય પ્રદેશી જ્ઞાનનો પૂંજ જ્ઞાયક છે તે શુભાશુભભાવે કેમ પરિણમે? તેથી શુભાશુભ-ભાવવાળો જીવ એમ કહેવું તે "ઘીના ઘડા" ની જેમ વ્યવહાર છે. ૨૨.

* નિજ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ પોતે જ પોતાને ઉપાદેય છે. નિશ્ચયથી તો મોક્ષની પર્યાય પણ આશ્રય-આલંબન માટે હેય છે, સંવર-નિર્જરાની (સ્વાનુભૂતિની) પર્યાય પણ હેય છે. નિશ્ચયથી તો નિજ ભગવાન શુદ્ધાત્મા પોતે જ ઉપાદેય છે. દ્રવ્ય, દ્રવ્યથી પ્રકાશતું નથી કારણ કે તે ધ્રુવ છે, સ્વાનુભૂતિની પર્યાય દ્વારા પ્રકાશે છે; પણ તે ધ્રુવને આશ્રય લે છે ત્યારે પર્યાયમાં વસ્તુ પ્રકાશે છે—પ્રગટે છે. ૨૩.

* જીવ ક્યારેય ત્રિકાળી સ્વભાવની સન્મુખ થયો નથી, તેણે ક્યારેય ભૂતાર્થસ્વભાવની દૃષ્ટિ કરી નથી. ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે પણ જ્ઞાયકની દૃષ્ટિ નહિ હોવાથી, પર્યાયદૃષ્ટિ હોવાથી માત્ર પર્યાયને—રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં આખી વસ્તુ જાણવામાં આવે છે, કેમ કે સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે; છતાં અજ્ઞાનીની દૃષ્ટિ સ્વ તરફ નહિ હોવાથી તેની દૃષ્ટિમાં એકલી પર્યાય જ આવે છે. દૃષ્ટિ ત્રિકાળી તરફ ઝુકેલી નથી ને પર્યાય તરફ ઝુકેલી છે, પણ જ્યાં દૃષ્ટિ અંતર્મુખ વળી છે ત્યાં દ્રવ્યની શ્રદ્ધા આવી. જો કે શ્રદ્ધાને ખબર નથી કે 'આ દ્રવ્ય છે' પરંતુ શ્રદ્ધાની સાથે જે અનુભૂતિ છે—જ્ઞાન છે તેમાં ખ્યાલ આવે છે કે 'આ દ્રવ્ય છે.' ૨૪.

* વસ્તુ અબંધ સ્વરૂપ છે, તેને દૃષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે. નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા વસ્તુ દૃષ્ટિમાં આવે છે. પર્યાયમાં બંધ-મોક્ષ છે પણ દ્રવ્યમાં બંધ-મોક્ષ છે જ નહીં. પર્યાયમાં બંધભાવ છે અને તેના અભાવથી મોક્ષ થાય છે, પણ બંધ છે તે ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં. વસ્તુ સ્વભાવમાં બંધ કેમ હોય? વસ્તુમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. શુદ્ધનિશ્ચયનયથી વસ્તુમાં બંધ નથી તેથી બંધના અભાવથી થતો મોક્ષ તે પણ વસ્તુમાં નથી. આવી વસ્તુની દૃષ્ટિ કરવી તે મહા પુરુષાર્થ છે. જ્ઞાયકભાવમાં બંધ-મોક્ષ ક્યાંથી આવે? પર્યાયનો બંધ-મોક્ષ વસ્તુમાં નથી. નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી. આચાર્યદેવ દ્રવ્યનું સ્વરૂપ બતાવવા, તેની દૃષ્ટિ કરાવવા અને પર્યાયદૃષ્ટિ છોડાવવા કહે છે કે પર્યાયને દ્રવ્ય કરતું જ નથી. ૨૫.

* સંસારી જીવમાં સાંસારિક ગુણો એટલે કે વિકારી પર્યાય હોય છે ને સિદ્ધને સદા નિર્વિકારી પર્યાય હોય છે. વિકાર કે અવિકાર અવસ્થા પર્યાયમાં અસ્તિત્વ ધરાવે છે. વર્તમાન વર્તતી પરિણતિમાં તે તે પર્યાયની અસ્તિ છે ખરી. તોપણ તેઓ વસ્તુસ્વભાવમાં નથી, ત્રિકાળી ધ્રુવસામાન્ય એકરૂપ દ્રવ્યમાં તેમની અસ્તિ છે જ નહીં. ૨૬.

* રાગાદિ ચિદ્વિકારોને દેખીને એવો ભ્રમ ન કરવો કે રાગાદિ પણ ચૈતન્ય જ છે. બીજી રીતે કહીયે તો નિશ્ચયવાળાને જ્યાં વ્યવહાર સાધન કહ્યો છે, ત્યાં વ્યવહાર સાધન ન સમજવો. જ્ઞાનસ્વભાવી આત્માથી વિરુદ્ધ લક્ષણવાળા રાગને ચૈતન્ય સાથે દેખીને તેને સાધન ન સમજો. જેને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેને વ્યવહાર સાથે હોય છે તેથી સહચર દેખીને ઉપચારથી તેમાં સાધનનું આરોપણ કર્યું છે. પરંતુ વ્યવહારમોક્ષમાર્ગ પ્રશસ્તરાગ છે અને તે આત્માના સ્વભાવથી વિરુદ્ધ લક્ષણવાળો છે તેથી વ્યવહારમોક્ષમાર્ગ સાધન કેમ હોય?—ન જ હોય. ૨૭.

* પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિનો જ છે અને તેઓ પરસ્પર વ્યવહારનો ઉપદેશ પણ કરે છે, અને જિનવાણીમાં પણ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબરૂપ જાણી તેનો ઉપદેશ બહુ કર્યો છે;

પણ તેનું ફળ સંસાર જ છે. જેમ કે જ્ઞાનથી મોક્ષ થાય છે, ત્યાં નીચલી દશામાં સાથે રાગની મંદતાનો વિકલ્પરૂપ વ્યવહાર હોય છે તેથી ક્રિયાથી મોક્ષ થાય છે એમ વ્યવહારથી શાસ્ત્રમાં કહ્યું છે મુનિને શ્રાવક આહાર આપે છે, આહાર શરીર ટકવામાં નિમિત્ત અને શરીર સંયમમાં નિમિત્ત છે; સંયમથી મુનિ મોક્ષ સાધે છે, તેથી મુનિને આહારદાન દેવાથી શ્રાવકે મુનિને મોક્ષ આપ્યો—એમ ઉપચાર-પરંપરાથી કહેવામાં આવે છે. પૂજા, ભક્તિ, વાત્સલ્ય, પ્રભાવના આદિ શુભરાગ શ્રાવકને પરંપરાએ મોક્ષનું કારણ શાસ્ત્રમાં કહ્યું છે; વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે, એવું કથન શાસ્ત્રમાં આવે છે; કેવળી—શ્રુતકેવળીના પાદમૂલે જ ક્ષાયિક સમ્યગ્દર્શન થવાનું કહ્યું છે. સતસંગથી, જિનવાણીથી, ગુરુથી, જિનપ્રતિમાથી, દેવઋદ્ધિદર્શનથી, નારકીને વેદનાથી સમ્યગ્દર્શન થવાનું શાસ્ત્રમાં કથન આવે છે. વ્યવહારથી નિશ્ચય ધર્મ પ્રગટે છે એમ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબ-સહાયક જાણીને અનેક પ્રકારનાં વ્યવહારનાં કથનો શાસ્ત્રમાં આવે છે, પણ જો તેને પરમાર્થ માની લે તો તેનું ફળ સંસાર જ છે. કેમ કે જે કોઈ વ્યવહાર છે તે બધો શુભરાગરૂપ હોવાથી તેના આશ્રયથી સંસાર જ ફળે છે. શુદ્ધનયનો પક્ષ તો પ્રાણીઓને કદી આવ્યો નથી ને તેનો ઉપદેશ પણ વિરલ છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ કર્યો છે કે "હે જીવો! શુદ્ધનય એક જ ભૂતાર્થ, સત્યાર્થ છે અને તેના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. માટે તમે શુદ્ધનયને જ અંગીકાર કરો." ૨૮.

* સઘળોય વ્યવહાર હેય છે, પણ હેય કહેતાં 'છે ખરો' એમ સિદ્ધ થાય છે. જો વ્યવહાર સર્વથા ન જ હોય તો તે હેય કેમ બને? માટે વ્યવહાર છે ખરો પણ તે આશ્રય કરવા લાયક નથી. પર્યાય પોતે વ્યવહાર છે અને દ્રવ્ય નિષ્ક્રિય છે તે નિશ્ચય છે. દ્રવ્યની અપેક્ષાએ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ વ્યવહાર છે, સાચો મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. જો વ્યવહાર ન હોય તો પર્યાય જ સિદ્ધ નહીં થાય, પણ તેનો અર્થ એવો નથી કે વ્યવહારના આશ્રયે ધર્મતીર્થની પ્રવૃત્તિ થાય. ૨૯.

* ખરેખર તો, એકાકાર અખંડ જ્ઞાયકભાવનું સેવન કરે ત્યારે જ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે. તે પહેલાં મોક્ષમાર્ગની પર્યાય જ પ્રગટતી નથી. તો તેનું સેવન શી રીતે કરે? અભેદ આત્માના સેવનથી મોક્ષ-માર્ગની પર્યાય પ્રગટે છે તેથી વ્યવહારથી એમ ઉપદેશ કરવામાં આવે છે કે મોક્ષમાર્ગનું સેવન કરો. પરમાર્થદૃષ્ટિથી જોતાં મોક્ષમાર્ગરૂપ પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. એક માત્ર અખંડ, અભેદ, એકસ્વભાવી આત્મા જ પરમાર્થે સેવવા યોગ્ય છે. ૩૦.

* આત્મા જ્ઞાયક ને પર જ્ઞેય એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ હોવા છતાં જ્ઞેય તે આત્માનું વ્યાપ્ય નથી. જ્ઞેય સંબંધીના જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત હોવા છતાં જ્ઞેય આત્માનું વ્યાપ્ય અર્થાત્ કાર્ય નથી. એ રીતે જ્ઞાન તે જ જ્ઞાતાનું કર્મ છે—આમ વિકારાદિ પુદ્ગલપરિણામને માત્ર જ્ઞાતા જ જાણે છે તે જ્ઞાની છે. ૩૧.

* ભગવાન આત્માએ તો જ્ઞાનસ્વરૂપ જ પોતાનામાં ધારણ કરી રાખ્યું છે. ત્રિકાળી જ્ઞાનાત્મક તે હું એમ પર્યાયમાં ભાન થયું, તે પર્યાય સહિત જ્ઞાનાત્મકને આત્મા ધારણ કરે છે. ત્રિકાળી જ્ઞાન ધારણ કરનાર આત્મા તે હું—એમ પર્યાયમાં ભાન થયું છે, તેથી તે પર્યાય સહિતના જ્ઞાનાત્મકને આત્માએ ધારણ કર્યો છે. હું જ્ઞાનાત્મક છું એમ જાણ્યું કોણે? એમ સ્વીકાર કર્યો કોણે? જ્ઞાનની પર્યાયે...જ્ઞાનાત્મક ત્રિકાળ છું, એક છું, પરથી ભિન્ન છું, એકત્વના કારણે શુદ્ધ છું ને શુદ્ધના કારણે ધ્રુવ છું,—એમ જે જ્ઞાનની પર્યાયે સ્વીકાર કર્યો છે તે પર્યાય સહિત અભિન્ન છું; એમ ને એમ ધ્રુવ છું, ધ્રુવ છું—એમ નહીં; પણ પર્યાયમાં આવો સ્વીકાર આવ્યો તેને ધ્રુવ છે......૩૨.

* દ્રવ્ય કેવું છે તેની પ્રતીતિ પર્યાયમાં આવી છે પણ દ્રવ્ય પોતે પર્યાયમાં આવ્યું નથી. દ્રવ્ય કેટલી શક્તિવાળું છે તેનું જ્ઞાન પર્યાયમાં આવ્યું પણ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી. એ રીતે પર્યાયમાત્રમાં દ્રવ્ય આવતું નથી તેથી નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે તોપણ પરમ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે આત્માનું

સ્વરૂપ નથી. નિશ્ચય-મોક્ષમાર્ગની પર્યાય તે પણ વ્યવહારથી આત્મા છે. ત્રિકાળી ધ્રુવ પરમાત્મા તે જ નિશ્ચય આત્મા હોવાથી તેને દૃષ્ટિમાં લેવાનો છે. ૩૩.

* પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન એટલે કે રાગ-દ્વેષના જે પરિણામ થયા તે કાળે, રાગ-દ્વેષના લઈને નહીં પણ સ્વને જાણતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાનવડે રાગને જાણે છે, તે રાગ સંબંધીનું જ્ઞાન જીવનું કર્મ છે અને જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા છે. ખરેખર તો પુદ્‌ગલપરિણામનું જ્ઞાન નથી પણ જે પ્રકારના પરિણામ છે તે પ્રકારનું તે સંબંધીનું પોતાનું જ્ઞાન છે, તેને કર્તાપણે જીવ કરે છે અને તે જ્ઞાન જીવનું કાર્યરૂપ કર્મ છે, પણ રાગના પરિણામનો જીવ કર્તા નથી. ૩૪.

* આત્મા સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે, રાગાદિ તો તેના નથી પણ અલ્પજ્ઞતા પણ તેની નથી, એ તો સર્વજ્ઞ પરમાત્મપ્રભુ પોતે છે. તેને બદલે એમ માને કે શુભાશુભભાવ મારા છે, રાગ તથા દયા-દાનની ક્રિયાવાળો હું છું, તો તેણે પરમાત્માને જડ માન્યો છે. પરમાણુમાં થતી ક્રિયાઓ જડ છે એ તો ઠીક, પણ પુદ્‌ગલના સંગે થતી પુણ્ય-પાપની ક્રિયાનો ભાવ તે પણ અચેતન છે. તેમને આત્માના માનનાર આત્માને અજીવ માની રહ્યા છે. ૩૫.

* શુદ્ધ-દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો એટલે કે જેનો વિષય શુદ્ધ દ્રવ્ય છે એવી નયથી જોવામાં આવે તો આ આત્મા પ્રગટ જ્ઞાયકજ્યોતિ માત્ર હોવાથી એકસ્વરૂપ જ છે. વળી સર્વ વિભાવભાવોને દૂર કરવાનો તેનો સ્વભાવ છે તેથી તે અમેચક છે, શુદ્ધ એકાકાર છે ને તે જ આરાધ્ય છે. એકસ્વરૂપી આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણ સ્વભાવવાળો કહેવો તે વ્યવહાર છે. અનેકાકારપણાને લીધે મેચક છે, એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે મેચકપણું છે, મલિનતા છે. અપવિત્રતા છે. ભગવાન આત્મા તો એકસ્વરૂપ હોવાથી અમેચક છે, પવિત્ર છે, તેને ત્રણરૂપ પરિણમતો કહેવો તે અસત્યાર્થ હોવાથી અનેકાકાર એવો તે મોક્ષમાર્ગ પણ આશ્રય કરવા લાયક નથી. ૩૬.

* આ જીવને બાદર કહ્યો, સૂક્ષ્મ કહ્યો, એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પર્યંત કહ્યો તથા પર્યાપ્ત અપર્યાપ્ત કહ્યો, દેહની સંજ્ઞાને જીવસંજ્ઞા કહી, તે સર્વે પરની પ્રસિદ્ધિને લીધે 'ઘીના ઘડા'ની જેમ વ્યવહાર અપ્રયોજનાર્થે છે, પ્રયોજનભૂત નથી. 'ઘીનો ઘડો' એવો વ્યવહાર છે તેમ જીવસ્થાનવાળો જીવ વ્યવહારથી કહેવાય છે, પરંતુ દ્રવ્ય સ્વરૂપ જોતાં તે જૂદો છે. ૩૭.

* જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી. ૩૮.

* પરિણામદષ્ટિથી દેખો તો દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનેકાકાર આત્મા છે ખરો. ખરેખર મોક્ષમાર્ગરૂપ પરિણતિ તે આત્માની જ છે, અન્ય નથી, તોપણ વસ્તુસ્વભાવથી દેખતાં આત્મા એકસ્વરૂપ હોવાથી તેને ત્રણરૂપે પરિણમતો કહેવો તે વ્યવહાર છે. ૩૯.

* ભગવાન આત્મા ધ્રુવ છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી, અડતો નથી, માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયમાં ક્ષણિકનું અને ધ્રુવ વસ્તુનું જ્ઞાન થાય છે તોપણ ધ્રુવ વસ્તુ ક્ષણિક પર્યાયને સ્પર્શતી નથી. જો ક્ષણિક પર્યાયમાં ધ્રુવ આવી જાય તો ધ્રુવવસ્તુનો નાશ થઈ જાય. વ્યક્તને તથા અવ્યક્તને જ્ઞાનની વ્યક્ત પર્યાય જાણે છે. વ્યક્ત પર્યાય પોતાને અને ધ્રુવદ્રવ્યને જાણે, તોપણ ધ્રુવ આત્મા વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. ૪૦.

* સાધકને પૂર્ણ શુદ્ધિરૂપ પરિણતિ નથી, આંશિક શુદ્ધિરૂપ પરિણતિ છે. તે શુદ્ધ પરિણતિ શુદ્ધ પારિણામિકભાવના લક્ષે—આશ્રયે જ પ્રગટે છે. આવી પરિણતિ જેને પ્રગટી છે એવો ધર્મી જીવ અર્થાત્ ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવણ—અખંડ—એક—પ્રત્યક્ષપ્રતિભાસમય—અવિનશ્વર—શુદ્ધ—પારિણામિકપરમભાવલક્ષણ—નિજપરમાત્મદ્રવ્ય તે જ હું

છું.' આવો નિર્ણય જે પર્યાયમાં વર્તે છે તે પર્યાય 'હું ખંડજ્ઞાનરૂપ છું' કે 'હું નિર્મળ પર્યાયરૂપ છું'—તેમ નથી માનતી, પણ શુદ્ધ પારિણામિકભાવ તે જ હું છું એમ માને છે—ભાવે છે. ૪૧.

* દેવ-શાસ્ત્ર-ગુરુ એમ કહે છે કે અમારા પ્રત્યેની ભક્તિના પ્રેમમાં, રુચિમાં જે રોકાય છે તેને આત્મા હેય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પરદ્રવ્ય છે. તેના પ્રત્યેનો પ્રેમ છે તે રાગ છે. રાગના પ્રેમીઓને આત્મા હેય છે. સ્વદ્રવ્યથી વિપરીત પ્રશસ્ત શુભરાગનો તથા પ્રશસ્ત રાગના નિમિત્તો જે દેવ-શાસ્ત્ર-ગુરુ તેનો જેને આદર વર્તે છે—રુચિ વર્તે છે તેને આત્મા હેય છે. એટલે કે વ્યવહારરત્નત્રયનો રાગ અને વ્યવહારરત્નત્રયના નિમિત્ત જે દેવ-શાસ્ત્ર-ગુરુ તેનો જેને પ્રેમ છે તેને આત્મા હેય છે. ૪૨.

* સંસાર-અવસ્થા છે ત્યાંસુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાંસુધી જીવ માને છે ત્યાંસુધી તે મિથ્યાદૃષ્ટિ છે. જો સંસાર-અવસ્થામાં પણ જીવ રાગાદિ સાથે તન્મય થઈ જાય તો જીવ રૂપી થઈ જાય. કેમ કે રાગાદિ અચેતન છે તેને પોતાના માને તો તેણે આત્માને અચેતન માન્યો છે. ૪૩.

* મુનિને પણ પંચમહાવ્રત આદિનો ભાવ આવે છે, દૃષ્ટિમાં તે હેય છે, પણ અસ્થિરતાના કારણે શુભરાગ આવ્યા વિના રહેતો નથી. છતાં તેઓ તેને આદરણીય માનતા નથી. હેયદૃષ્ટિ પૂર્વક વ્યવહારનો વિકલ્પ આવે છે, પણ તે જગપંથ છે, મોક્ષપંથ નથી તેમ સાધક જાણે છે. મુનિને પણ શુભભાવ આવે છે પણ જેટલો શુભભાવ છે તેટલો જગપંથ છે. શિવપંથથી તેટલા દૂર છે. છતાં અસ્થિરતાના કારણે આવ્યા વિના રહેતો નથી. તેથી આચાર્યદેવ કહે છે કે પ્રભુ! તારા શુદ્ધાત્માને છોડી બહારમાં દેવ-ગુરુ-તીર્થ તરફ ન જા, ન જા. તેના લક્ષે શુભરાગ થશે એમ કહીને વ્યવહારથી ધર્મ થશે તેનો નિષેધ કર્યો છે. ૪૪.

* જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને જોઈએ તો, એટલે કે જીવ-અજીવના બંધપર્યાયની સાથે એકપણું અનુભવ કરતાં, રાગ સાથે એકપણું અનુભવ કરતાં, આ નવ તત્ત્વો ભૂતાર્થ છે. જીવ-પુદ્ગલના

ભેદપર્યાયને વિષય કરનાર વ્યવહારનયથી જોતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પરંતુ જે એકરૂપ જ્ઞાયકભાવ છે એવા એક જીવદ્રવ્યના સ્વભાવને એકપણે અનુભવતાં નવ તત્ત્વો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા એક જીવદ્રવ્યની સમીપ જઈને એટલે કે તેની સાથે એકપણું કરીને અનુભવતાં, એકરૂપ જ્ઞાયકભાવને દેખતાં આ નવ તત્ત્વો અભૂતાર્થ છે. ૪૫.

* ભગવાન આત્મા અણેન્દ્રિય હોવાથી તેની અપેક્ષાએ ભગવાન, ભગવાનની દિવ્યવાણી કે મુનિઓના વૃંદ બધું જ ઇન્દ્રિય છે. કેમ કે તેઓ ઇન્દ્રિયનો વિષય છે. વીતરાગીદેવ એમ ફરમાવે છે કે અમે તો તારી ઇન્દ્રિયનો વિષય છીએ અને તું તારી અણેન્દ્રિયનો વિષય છે, તું તને વિષય બનાવીને જાણ તે જ અમારી સ્તુતિ છે. ૪૬.

* જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય—નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે. ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ભગવાન નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ-ક્રિયા તો ક્રમબદ્ધ છે જ, પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જે જ્ઞાનની પર્યાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે. ૪૭.

* ભગવાન આત્મા પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો છે અર્થાત્ પર્યાયમાં પર્યાયનો તથા ત્રિકાળીનો સ્પષ્ટપણે અનુભવ છે તોપણ, એક સમયના આનંદના અનુભવથી ઉદાસીન વર્તે છે ને ત્રિકાળી તરફ ઝુકી જાય છે, માટે અવ્યક્ત છે. વિકલ્પ, નિમિત્ત કે સંયોગની અપેક્ષા વિના પોતે પોતાથી જ પોતાને બાહ્ય-અભ્યંતર અનુભવે છે. બાહ્ય એટલે એક સમયની આનંદની પર્યાયને અનુભવે છે

અને અભ્યંતર એટલે ત્રિકાળી ધ્રુવતત્ત્વ તેને પણ સ્પષ્ટ અનુભવે છે. ત્રિકાળી પોતે વેદનમાં આવતો નથી પણ ત્રિકાળીનું જ્ઞાન અનુભવમાં આવે છે. એ રીતે બાહ્ય-અભ્યંતર પ્રત્યક્ષ અનુભવાતો હોવા છતાં એક સમયના આનંદની પર્યાયમાં રોકાતો નથી, પણ તેનાથી ઉદાસીનપણે વર્તતો થકો ત્રિકાળી તરફ ઝુકે છે. પ્રગટ આનંદની વ્યક્તદશાથી ઉદાસીન વર્તતો હોવાથી ભગવાન આત્મા અવ્યક્ત છે. ૪૮.

* મહા આનંદનો લાભ-પ્રાપ્તિ તે મોક્ષ છે. જીવને સાધ્ય તરીકે જે સાધવાનો છે તે મોક્ષ છે. તે મોક્ષનું કારણ કોણ? કેવી રીતે મોક્ષ સાધવો?—કે પાંચભાવમાં જે શુદ્ધ પારિણામિક પરમભાવ તે મોક્ષસ્વરૂપ જ છે. તે તો પ્રથમથી જ મુક્તસ્વરૂપે વિદ્યમાન છે. એવું મુક્તસ્વરૂપ નિષ્ક્રિય વિદ્યમાન ધ્રુવતત્ત્વ તે જ હું છું એમ દૃષ્ટિમાં સ્વીકાર આવતાં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક પર્યાય પ્રગટે છે. ૪૯.

* જીવ ને મોક્ષ વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં?—હા, અભાવ-સંબંધ છે. દ્રવ્યને અને પર્યાયને પ્રાગભાવાદિ ચાર પ્રકારના અભાવની જાતનો અભાવ નથી પણ દ્રવ્ય ને પર્યાય વચ્ચે આધ્યાત્મિક અભાવ છે. જીવમાં પર્યાય નથી અને પર્યાયમાં જીવ નથી એવો સંબંધ છે. ભગવાન ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ સદૃશ વસ્તુ છે, સામાન્ય સ્વરૂપ છે, તેમાં વિશેષનો અભાવ છે. સામાન્યમાં વિશેષનો અભાવ હોવાથી સામાન્ય તે વિશેષને કરતું નથી. વ્યક્તમાં, વ્યક્ત અને અવ્યક્તનું એકીસાથે જ્ઞાન થવા છતાં અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી. પર્યાયના આલિંગન વિના દ્રવ્ય શુદ્ધ છે. નિર્મળ પર્યાય વિનાના દ્રવ્યને શુદ્ધ કહે છે. ૫૦.

* અગિયારમી ગાથામાં એમ કહ્યું કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સ્વરૂપ તે જ સત્યાર્થ છે ત્યાં પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહી. ત્યારે હવે એ પર્યાય છે કે નહિ?—તેની વાત બારમી ગાથામાં કહી છે કે સાધક જીવને આત્માનો અનુભવ થઈ ગયો છે પણ પૂર્ણતાને પ્રાપ્ત થયો નથી એટલે કે અનુભવનો પહેલો સમય એવો જે જઘન્યભાવ તેને વટાવી ગયો છે અને ઉત્કૃષ્ટભાવને પ્રાપ્ત થયો

નથી તેથી મધ્યમભાવને અનુભવે છે તેવા સાધક જીવને પર્યાયમાં શુદ્ધતા–અશુદ્ધતાના અંશો છે તે વ્યવહાર છે તેથી તે જાણેલો પ્રયોજનવાન છે; પ્રયોજનવાન છે ખરો, પણ હેયરૂપ–છોડવા લાયક જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય તરીકે જાણેલો પ્રયોજનવાન નથી. સાધકને પર્યાયમાં અશુદ્ધતા વર્તે છે તે વ્યવહારનયનો વિષય છે તેથી તે–તે સમયે વ્યવહારને હેયરૂપે જાણેલો તે કાળે પ્રયોજનવાન હોવાથી તેઓને વ્યવહારનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ૫૧.

* અરે! અશુદ્ધ પરિણતિની વાત તો ક્યાંય રહી, પણ અહીં તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળ દશા છે તે પણ જીવને નથી, જીવમાં નથી, પણ તેઓ પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે. આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિ પૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્ગલના પરિણામમય કહ્યાં છે! કેમ કે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી. તેમના લક્ષે તો વિકલ્પ ઊઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ છૂટી જવાય છે. માટે તેઓ જીવના નથી. વળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે, પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ–ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી, સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઊઠતો હોવાથી તે સઘળાય જીવના નથી, પરંતુ પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે. ૫૨.

* પરમાર્થે ઘડાને તથા માટીને વ્યાપ્ય–વ્યાપકભાવનો સદ્ભાવ છે, તેથી ઘડો તે કર્મ–કાર્ય છે અને માટી તેનું કારણ–કર્તા છે; પણ કુંભાર તેનું કારણ નથી. તેમ વિકારી પરિણામ તે પુદ્ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્ગલને વ્યાપ્ય–વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્ગલ છે, જીવ રાગનો કર્તા નથી. ૫૩.

* સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં તો વ્યવહાર આદરવારૂપ પ્રયોજનવાન છે ને?—ના, સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે તે જાણવા પૂરતો પ્રયોજનવાન છે. સમ્યગ્દર્શન પહેલાં કેવા નિમિત્ત હોય છે તેટલું જાણવા પૂરતો વ્યવહારનો ઉપદેશ કાર્યકારી છે. જેમનાથી યથાર્થ ઉપદેશ મળે એટલે કે જેમના ઉપદેશમાં એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવનું લક્ષ કરાવવામાં આવે, વીતરાગતાની પુષ્ટિ કરાવવામાં આવે એવા જિન-વચનોનું સાંભળવું, ધારણ કરવું તથા તેવા ઉપદેશના પ્રણેતા પ્રતિ ભક્તિ-વંદન આદિ વ્યવહારમાર્ગમાં પ્રવર્તવું પ્રયોજનવાન છે. એટલે કે સમ્યગ્દર્શન પહેલાંની જિજ્ઞાસુની ભૂમિકામાં યથાર્થ ઉપદેશનું ગ્રહણ, મનન, ચિંતવન તથા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ-પૂજા, વિનય-વંદન આદિનો વ્યવહાર હોય છે. તેની ભૂમિકામાં આવું પ્રવર્તન હોય છે તેમ દર્શાવવા તેને વ્યવહાર કહ્યો છે, ખરેખર તો નિશ્ચય સમ્યગ્દર્શન પહેલાં વ્યવહાર કહેવાય પણ નહીં. સમ્યગ્દર્શન પહેલાં કેવા ભાવો હોય છે તેની વાત છે, પરંતુ તેનાથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. ૫૪.

* એક સમયની રાગની પર્યાય પાછળ અદ્વિતીય અતીન્દ્રિય સુખ-સ્વરૂપ પ્રભુ બિરાજે છે. તેના બદલે જ્યાં તારી ચીજ નથી ત્યાં તેં મતિ જોડી દીધી છે. સ્ત્રી, પુત્ર, પૈસા, મકાન, શરીરાદિમાં તેં તારી મતિ જોડી દીધી છે, પણ તે ક્ષેત્ર તો ભિન્ન છે. પાંચ-પચાસ વર્ષે તો તે ક્ષેત્ર છૂટી જશે. એકવાર તું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પરમબ્રહ્મ ભગવાનમાં મતિ લગાવ, તને આનંદની તૃપ્તિ થશે. તું અમૃતરસથી તૃપ્ત તૃપ્ત ભર્યો પડ્યો છે. ૫૫.

* તીર્થંકર પરમાત્મા કહે છે કે અમારી સામે જોતાં-અમારું લક્ષ કરતાં તને રાગ થશે, તે રાગ દુઃખરૂપ છે, તેનું ફળ પણ દુઃખરૂપ છે, એક માત્ર અનાકુળ આનંદનો પિંડ નિજ ચૈતન્યસ્વભાવ છે, તેની દૃષ્ટિ કરતાં તેનો અનુભવ કરતાં તને આનંદ થશે. માટે તેનો જ અનુભવ કરો. ૫૬.

* દ્રવ્યદૃષ્ટિમાં તો એકલો ત્રિકાળી સામાન્ય ભૂતાર્થસ્વભાવ જ આશ્રયરૂપ છે, તેમાં તો શુદ્ધપર્યાય પણ ભિન્ન પડી જાય છે ને તે વ્યવહાર-નયના વિષયમાં જાય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય કર્યો તે દ્રવ્ય "સ્વ" છે. આશ્રય તો એક સ્વનો—સામાન્ય ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો જ હોય છે. સ્વભાવનો આશ્રય કરનારી પર્યાય તે પણ દ્રવ્યદૃષ્ટિના વિષયમાં પર છે—ભિન્ન છે. ૫૭.

* જ્ઞાની પુરુષોને એટલે કે સમ્યગ્દૃષ્ટિ જીવોને એવો નિર્ણય વર્તે છે કે સિદ્ધદશા કે સંસારદશા અમારા ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં છે જ નહીં. ધ્રુવસ્વરૂપ, સામાન્યસ્વરૂપ એકસ્વરૂપ વસ્તુ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેમાં મોક્ષની દશા કે સંસારની દશા છે જ નહીં. અંતઃતત્ત્વરૂપ [illegible] એવું જે પરમપારિણામિક તત્ત્વ, તેમાં કેવળજ્ઞાનની પર્યાય કે સંસારની વિકારી પર્યાય છે જ નહીં. ૫૮.

* પ્રથમ તો સાચા ગુરુ કોને કહેવાય? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામમાં તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા-ભોક્તા પણ નથી. તું તો નિર્વિકલ્પ સહજ [illegible] જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર. તેની દૃષ્ટિ કરવાથી મુક્તિ થશે, અન્ય કોઈ પણ પ્રકારે મુક્તિ થશે જ નહીં. આવો ઉપદેશ જેની દેશનામાં આવે તે સાચા ગુરુ કહેવાય. ૫૯.

* આ જ્ઞાયક આત્માને વિભાવભાવરૂપ અશુદ્ધપણું તો દૂર રહો અર્થાત્ તે જ નહીં પણ તેને દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદ પણ નથી. અભેદ જ્ઞાયકભાવમાં ભેદની હયાતી જ નથી. સમ્યગ્દર્શનનો વિષય જે એવો અભેદ જ્ઞાયકભાવ તેમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદો વિદ્યમાન નથી. ૬૦.

* અહો! સંતો કેટલી કરુણાપૂર્વક આવા ગહન વિષયને સમજાવી રહ્યા છે. જ્ઞાનથી મુક્તિ થાય એ વાત સાચી છે પરંતુ તે પણ પર્યાય છે. માટે તે માત્ર જાણવાયોગ્ય છે, ધ્યાનના વિષયમાં વિવેકને–જ્ઞાનને

લેવાનો નથી. ધ્યાનનો વિષય તો અખંડ ચિદાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો પણ જેમાં અભાવ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ સાધકનું ધ્યેય છે. તેના આશ્રયે જ મોક્ષમાર્ગની શુદ્ધ પર્યાય પ્રગટે છે અને તેનાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે. ૬૧.

* સમ્યગ્દર્શનની પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી પણ આખા દ્રવ્યની પ્રતીતિ આવે છે. જેને એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય શું છે તે જાણવામાં આવ્યું છે તથા લોકાલોક શું છે તે જાણવામાં આવ્યું છે એવા ત્રિલોકી પરમાત્માએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી પણ નિર્મળ પરિણતિનો પણ કર્તા નથી. શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મા બંધ–મોક્ષથી રહિત છે એમ જિનેન્દ્રદેવ કહે છે. ૬૨.

* જેમ આંખ પરમાં કરવા–વેદવાની કોઈપણ ક્રિયા કરતું નથી, માત્ર પરમાં જે કોઈ ક્રિયા થાય છે તેને જાણે છે; તેમ જ્ઞાન પણ પર ચીજનું કાંઈ કરતું નથી કે ભોગવતું નથી, જ્ઞાતા-દૃષ્ટાપણે જગતને જ્ઞેયપણે જાણે જ છે. જડને કારણે જડની અવસ્થા થાય છે અને તે અવસ્થાનું વેદન જડમાં થાય છે. આત્મા જડની તે અવસ્થાને કરતો નથી કે જડની તે અવસ્થાને ભોગવતો નથી. ૬૩.

* આત્મ-જિજ્ઞાસુ જીવ પ્રશ્ન કરે છે કે હે પ્રભો ! આપે જે અબદ્ધ-અસ્પૃષ્ટ આદિ ભાવવાળો આત્મા કહ્યો તેનો અનુભવ કેમ થઈ શકે ? કારણ કે અમને તો બદ્ધ-સ્પૃષ્ટત્વ, અન્યત્વ, અનિયત્વ, વિશેષત્વ, તથા સંયુક્તત્વ એવા ભાવોરૂપે જ આત્મા દેખાય છે. ત્યારે આચાર્યદેવ કહે છે કે બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો ઉપર ઉપર તરતા ભાવો છે, સ્વભાવમાં પ્રવેશ પામતા નથી, વિનાશી છે, તેથી અભૂતાર્થ છે, તે ભાવો પર્યાયમાં જ છે, ત્રિકાળીમાં તેઓ નથી, તેઓ કાયમી નથી, તેથી અસત્યાર્થ હોવાથી ભૂતાર્થસ્વભાવના આશ્રયે અબદ્ધ-અસ્પૃષ્ટત્વાદિ ભાવસ્વરૂપ આત્માની અનુભૂતિ જરૂર થઈ શકે છે. ૬૪.

* પરમાત્મતત્ત્વના જ્ઞાન વિના ભ્રાંતિગતપણે જીવ શુભાશુભનો કર્તા થાય એવો શુભભાવની રુચિ આડે મોક્ષમાર્ગને લેશમાત્ર વાંચ્છતો નથી–તેની ભાવના ભાવતો નથી એવા અજ્ઞાની જીવને આ લોકમાં કાંઈ પણ શરણ નથી. અજ્ઞાની જીવ લોકમાં અશરણપણે ભ્રમણ કર્યા કરે છે. ૬૫.

* ભગવાન ને ભગવાનની વાણી, શાસ્ત્ર આદિ ભાવેન્દ્રિય દ્વારા જાણવામાં આવતા ઇન્દ્રિયના વિષયો છે, જણાવાયોગ્ય પરજ્ઞેયો છે. ભગવાનની વાણીથી કે શાસ્ત્રથી અર્થાત્ ઇન્દ્રિયના વિષયોથી મને લાભ થશે એવી માન્યતા જ મિથ્યા છે. ઇન્દ્રિયના વિષયથી લાભ થશે એમ માનનાર પરજ્ઞેયને તથા જ્ઞાયકને એકરૂપ માને છે. ગ્રાહ્ય-ગ્રાહકલક્ષણ-સંબંધની નિકટતાને લીધે જાણે તેઓ પરસ્પર એકમેક થઈ ગયેલાં હોય એમ દેખાવાથી, પરજ્ઞેયોનું તથા રાગનું જ્ઞાન થતાં તેના લીધે જ્ઞાન થયું એવી એકત્વબુદ્ધિ અજ્ઞાનીને વર્તે છે. જે કોઈ ઇન્દ્રિયના વિષયો છે તથા શાસ્ત્રાદિ તે તે સઘળાય જણાવા લાયક પરજ્ઞેયો છે—ગ્રાહ્ય છે ને તેને જાણનારી જ્ઞાનની પર્યાય તે ગ્રાહક છે, તે બંને સર્વથા ભિન્ન છે. પરંતુ જ્યાં સુધી ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેયોને જ ગ્રાહ્ય બનાવે છે ત્યાં સુધી અજ્ઞાનીને તે બે વચ્ચે પરસ્પર એકપણું અનુભવાય છે. ૬૬.

* સમ્યગ્દૃષ્ટિ જીવ વિકારના પરિણામનો કર્તા નથી, જાણનાર જ છે, કારણ કે ધર્મીની દૃષ્ટિમાં રાગના પરિણામ ને તેનું કર્તાપણું એ બંનેનો જેમાં અભાવ છે એવા એક અખંડ જ્ઞાયકભાવનો સ્વીકાર આવ્યો છે, તેથી ધર્મીજીવ તો વિકારનો–ભાવકર્મનો જ્ઞાતા જ છે. ૬૭.

* જ્યારે અહીં શુભભાવ થયો તે જ સમયે શાતાવેદની કર્મ બંધાયઃ તે પ્રકૃતિ તેના ક્રમબદ્ધમાં હતી તેમ જ થઈ છે, તે ક્ષણે કર્મની પર્યાયનો ઉત્પત્તિનો કાળ હતો–ક્રમ હતો તે પ્રમાણે થઈ છે તે ક્રમબદ્ધ સિદ્ધ થયું. અને અજ્ઞાનીનો શુભરાગ છે તે નવા કર્મબંધમાં નિમિત્તકર્તા છે. કર્મ-બંધની પર્યાય પોતાના ઉપાદાનપણે થઈ તેમાં અજ્ઞાનીનો શુભરાગ નિમિત્તકર્તા છે, એ રીતે ઉપાદાન-નિમિત્ત સિદ્ધ થયા. વળી શુભરાગ કર્મ-બંધમાં નિમિત્ત પડે છે પણ મોક્ષમાં નિમિત્ત થતો નથી અર્થાત્ શુભરાગ

છે, તેનાથી નિશ્ચય થતો નથી એટલે કે વ્યવહારથી નિશ્ચય થાય છે તે વાત પણ ઊડી ગઈ. એ રીતે નિશ્ચય-વ્યવહાર સિદ્ધ થયા. રાગ આવ્યો તે ઉત્પત્તિનો જન્મકાળ હતો અને કર્મની પ્રકૃત્તિ બંધાણી તે તેના જન્મક્ષણે થઈ છે અને જ્ઞાનીને તેનું જ્ઞાન પણ પોતાના સ્વકાળે થયું છે. એ રીતે આ બધું ક્રમસર પરિણમન થયું છે, અક્રમે થયું જ નથી. એમ સિદ્ધ થયું. ૬૮.

* જ્ઞાની શુભાશુભભાવનો જ્ઞાતા છે તેથી તે વખતે શરીરની જે ક્રિયા થઈ અને તે વખતે જે રાગ થયો તે રાગનું ને ક્રિયાનું જ્ઞાની જ્ઞાન કરે છે, તેથી તે ક્રિયા તથા રાગ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. જ્ઞાનીને તે કાળે તે ક્રિયા સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન, પોતાના જ્ઞાનના સ્વ-પરપ્રકાશક સ્વભાવને લીધે સ્વયં થયું છે, રાગ સંબંધીનું જ્ઞાન કે તે ક્રિયા સંબંધીનું જ્ઞાન રાગના લીધે કે ક્રિયાને લીધે થયું નથી. પરંતુ શુભાશુભભાવ અને ક્રિયા, જ્ઞાનીના જ્ઞાનમાં સ્વયં જણાય છે. ૬૯

* જ્ઞાનમાં આમ નક્કી તો કર! વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જ્ઞાનમાં નિર્ણયને અવકાશ તો દે ભાઈ! અરે, એને મરીને ક્યાં જવું છે! દરેક યોનિમાં અનંતા ભવો ગાળ્યા; હવે તો પરથી લક્ષ ફેરવીને આત્મામાં ડૂબકી માર! તું તારા ઘરમાં જાને! એ બધા શુભ-વિકલ્પો હોય, પણ એ તારા ઘરની ચીજ નથી. ભગવાન! તું તો દેહની પીડા ને રાગની પીડા-બંનેથી ભિન્ન છો, તે દેહના રોગનો તને જે અણગમો લાગે છે તે તો દ્વેષ છે—એ એકેય ચીજ તારા ઘરમાં નથી. ૭૦.

* પ્રવચનસારમાં ૪૬ તથા ૪૭ મી નયમાં એમ કહ્યું છે કે માટીને ઘડો આદિ વાસણની અવસ્થાથી જોવી તે અશુદ્ધનય છે; અને માટીને માટીરૂપ જોવી તે શુદ્ધનય છે. તેમ દ્રવ્યને બંધ-મોક્ષથી જોવું તે અશુદ્ધનય છે અને બંધ-મોક્ષ રહિત એકલા દ્રવ્યને જોવું તે શુદ્ધનય છે. કેમ કે વસ્તુમાં બંધ-મોક્ષ છે જ નહીં, અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ ભૂતાર્થ છે. ૭૧.

* સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પદાર્થો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે. ૭૨.

* વ્યવહાર વડે પરમાર્થનું પ્રતિપાદન થતું હોવાથી અને પરમાર્થને વ્યવહાર વિના સમજાવવો અશક્ય હોવાથી, પરમાર્થના પ્રતિપાદન તરીકે વ્યવહારનું સ્થાપન કરવું પડે છે. પરંતુ વ્યવહાર આદરવા યોગ્ય નથી. વ્યવહાર નિશ્ચયને બતાવે છે તોપણ વ્યવહાર વડે નિશ્ચય સાધ્ય ન હોવાથી વ્યવહાર આદરવા લાયક નથી, માત્ર પરમાર્થના પ્રતિપાદન અર્થે સ્થાપવા યોગ્ય છે. ૭૩.

* આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય ( આત્મા ) અન્ય દ્રવ્ય નિમિત્તે થતા વિકલ્પપણે વ્યાપ્ત ન થાય એવો તેનો સ્વભાવ છે, આત્મદ્રવ્યનો સ્વભાવ જ જ્ઞાન હોવાથી વિભાવના વિકલ્પથી વ્યાપ્ત થતો નથી. ૭૪.

* શ્રોત્રની ભાવેન્દ્રિય શબ્દને જાણે, તે રીતે એક એક ઇન્દ્રિયો પોતપોતાના વિષયો દ્વારા જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે તે ભાવેન્દ્રિય છે. જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે જ્ઞાયકનું પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયને જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી-માનવી તે પણ સંસાર છે. અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ તે પણ ઇન્દ્રિયજ્ઞાન છે, તે જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે. ૭૫.

* જે જે દ્રવ્યની જે જે કાળે જે જે ક્રિયા થઈ રહી છે તેનો નિમિત્તકર્તા પણ આત્મા નથી. પરદ્રવ્યસ્વરૂપ નોકર્મની ક્રિયામાં તથા કર્મની ક્રિયામાં જો આત્માને નિમિત્તકર્તા માનવામાં આવે તો આત્માને પરદ્રવ્યની સર્વ અવસ્થાઓમાં નિત્ય ઉપસ્થિત રહેવું પડે,

અર્થાત્ નિત્ય-કર્તૃત્વનો પ્રસંગ આવી પડે. આત્મદ્રવ્ય જો જગતની ક્રિયામાં નિમિત્તકર્તા હોય તો જગતની જે જે ક્રિયા થાય તેમાં આત્માએ નિત્ય ઉપસ્થિત રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય જો દ્રવ્ય નિમિત્તકર્તા હોય તો દરેક ક્રિયામાં દ્રવ્યને નિમિત્તકર્તા તરીકે સદાય હાજર રહેવું પડે. માટે પરદ્રવ્યની ક્રિયાનો આત્મા નિમિત્તકર્તા પણ નથી. ૭૬.

* જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે અને અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે. તોપણ દર્પણમાં દેખાતો સ્વ-પરના આકારનો પ્રતિભાસ–પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે. તે કાંઇ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબિત વસ્તુની અવસ્થા નથી. વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થના લીધે પ્રતિબિંબ પડતું નથી પણ દર્પણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે. તેવી રીતે જ્ઞાતૃતા તે જ આત્માની છે અર્થાત્ સ્વ–પરને જાણનાર જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્ગલના પરિણામ છે. જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી. ૭૭.

* શુભરાગ અસંખ્ય પ્રકારનો છે તથા અશુભના પણ અસંખ્ય પ્રકાર છે, તે બધોય જીવને નથી. આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે ને અહીં રાગ જીવને નથી તેમ કહ્યું છે કેમ કે જીવના સ્વરૂપમાં તો રાગ છે જ નહીં પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ થાય છે તેમાં પણ રાગનો અભાવ છે. દસમા ગુણસ્થાને રાગ છે તેમ કહીને પર્યાયની સ્થિતિનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે, વસ્તુસ્વરૂપ કેવું છે તે કહીને વસ્તુની દૃષ્ટિ કરાવી છે તેથી રાગ જડમાં છે, પુદ્ગલના પરિણામ છે, અચેતન છે, તેમાં ચેતનપણું નથી તેથી તે જીવમાં નથી, જીવના નથી. જીવના આશ્રયે અનુભૂતિ થાય છે તે રાગથી ભિન્ન પડીને થાય છે, જો રાગ જીવનો હોય તો તે ભિન્ન પડે નહીં. ૭૮.

* વિકલ્પ થાય છે તે ક્રિયા છે. તે ક્રિયા પરિણામથી ભિન્ન નથી અને પરિણામ દ્રવ્યથી ભિન્ન નથી. તેથી વિકલ્પનો કર્તા પોતે છે, પર તેનો કર્તા નથી. જીવના પરિણામ પોતાથી છે પરથી નથી તેમ માને ત્યારે તો હજુ વ્યવહાર-શ્રદ્ધા છે. સમ્યગ્દર્શનની ક્રિયા પરિણામ છે, તે પરિણામ દ્રવ્યથી અભિન્ન હોવાથી સમ્યગ્દર્શનનો કર્તા જીવ પોતે છે, દર્શનમોહકર્મનો અભાવ તેનો કર્તા નથી. દિવ્યધ્વનિથી જ્ઞાન થતું નથી, મહામુનિના ઉપદેશથી જ્ઞાન થતું નથી, કેમ કે જ્ઞાનની ક્રિયા પરિણામસ્વરૂપ છે, તે પરિણામથી ભિન્ન નથી અને પરિણામ દ્રવ્યથી—જીવથી ભિન્ન નથી. તેથી જ્ઞાનની ક્રિયાનો કર્તા જીવ છે પરંતુ દિવ્યધ્વનિ કે મહામુનિનો ઉપદેશ જ્ઞાનનો કર્તા નથી. કેવળજ્ઞાન થયું તેનો કર્તા ઘાતિકર્મનો અભાવ નથી કે વજ્રનારાચસંહનના કારણે કેવળજ્ઞાન થયું નથી, કેવળજ્ઞાનનું કારણ દ્રવ્ય પોતે જ છે. ૭૯.

* અનાદિથી આ જીવે, અજ્ઞાનદશાને કારણે મોહના અનુભવના અભ્યાસને લીધે હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરી નથી. પોતાની પ્રભુતાનો તેણે કદી વિશ્વાસ કર્યો નથી. વર્તમાન વર્તતી પામર દશા વખતે જ હું શક્તિપણે પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છું એમ તેને ભાસ્યું નથી. તેથી પૌદ્ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવા મોહના અનુભવની જ અનાદિથી પર્યાયમાં તેને પ્રબળતા રહી છે. ૮૦.

* જ્ઞાયકભાવ તો જ્ઞાયક છે. દ્રવ્યસ્વભાવ તો કાયમ જ્ઞાયક જ છે, તે કદી શુભાશુભભાવરૂપે થયો નથી. પર્યાયમાં અશુદ્ધતા છે પણ દ્રવ્યદૃષ્ટિથી તેમાં અશુદ્ધતા ગૌણ છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવથી જોતાં અશુદ્ધતા તેનામાં નથી તેથી પર્યાયની અશુદ્ધતા ગૌણ થઈ જાય છે. દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ છે જ. પણ દ્રવ્યદૃષ્ટિમાં પણ અશુદ્ધતા નથી.

* અહીં અશુદ્ધ પર્યાયની વાત છે. શુદ્ધ પર્યાય દ્રવ્યમાં નથી તેમ અહીં નથી કહેવું. કારણ કે દ્રવ્યનો આશ્રય કરનાર શુદ્ધ પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિ તે પણ શુદ્ધ પર્યાય છે. ૮૨.

* જ્ઞાનના નિર્મળ કિરણ વિના મહાવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, અરે! આજીવન સ્ત્રીનો સંગ ન કરે તોપણ તેનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. તેથી જો તું દુઃખથી છૂટવા માગતો હો તો પુણ્ય-પાપની રુચિ છોડીને આત્મજ્ઞાન કર. આત્મા આનંદનો નાથ છે તેનું જ્ઞાન કર! એના વિના અરેરે! કીડા-કાગડા-કૂતરાના ભવ કરી કરીને મરી ગયો! અનંતકાળ એમ ને એમ દુઃખમાં જ વીતી ગયો. પ્રભુ! તેં એટલા દુઃખ ભોગવ્યા છે કે તેનું કોઈ માપ-મર્યાદા નથી. પણ તું બધું ભૂલી ગયો છે. ભાઈ! ડુંગળીને તેલમાં તળી ત્યારે સડસડાટ તું તળાઈ ગયો હતો-તું ડુંગળીમાં બેઠો હતો. એવા એવા તો પારાવાર દુઃખો તેં ભોગવ્યા છે. ૮૪ લાખ અવતારની ઘાણીમાં તું અનંતવાર પીલાતો આવ્યો છે. જેમ ઘાણીમાં તલ પીલાય તેમ ૮૪ લાખ યોનિના દુઃખોમાં પીલાતો રહ્યો છે. આનંદના નાથને પુણ્ય-પાપની ઘાણીમાં કચરી નાખ્યો છે. જો હવે તું દુઃખથી છૂટવા માગતો હો, સિદ્ધ સુખના હિલોળે હિંચકવા માગતો હો તો આત્મજ્ઞાન કરીને નિજપદને પ્રાપ્ત કર. ૮૩.

* જેને શુભની રુચિ છે તેને વિષયની જ રુચિ છે, કારણ કે શુભના રુચિવાળાને તેના ફળમાં પુણ્યની સામગ્રી આવશે ત્યારે તેમાં જ તે રત બનશે, એટલે ખરેખર તો શુભરાગનો પ્રેમી તે વિષયનો જ પ્રેમી છે, પછી ભલેને વર્તમાનમાં રાજ-પાટ આદિ છોડીને દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય. ધર્માત્માને તો પુણ્ય ને તેની સામગ્રી કાળાનાગ જેવી લાગે છે, તેથી તેનાથી છૂટવા તે અંતર્મુખનો જ પ્રયત્ન કરે છે. અસ્થિરતાને લઈને ધર્માત્માને શુભ વિકલ્પ આવે પણ તેને તેની રુચિ હોતી નથી. રાગનું રુચિપૂર્વક સેવન તે આત્મસ્વરૂપથી વિરુદ્ધ આચરણ હોવાથી વ્યભિચાર છે. અજ્ઞાનીને રાગનું રુચિપૂર્વક સેવન હોય છે; ધર્માત્માને તો સ્વભાવની જ રુચિ હોય છે. ૮૪.

* લક્ષ્મણનું મરણ થતાં ધર્માત્મા રામચંદ્રજી ભાઈના મોહના કારણે—અસ્થિરતાના મોહના કારણે છ-માસ સુધી મડદાને સાથે રાખીને જમાડે, સૂવરાવે, નવરાવે આદિ કરે છે. અજ્ઞાની પણ ન કરે એવું ધર્માત્મા અસ્થિરતાના મોહને વશ કરતાં દેખાય છે, છતાં અંદરમાં જ્ઞાતાદષ્ટાનો

[illegible] આવું જ છે. બહારની ઉન્મત્ત ચેષ્ટા વખતે પણ તે ઉન્મત્ત ચેષ્ટાના [illegible] તે સમયના મોહના રામચંદ્રજી જ્ઞાતાપણે વર્તે છે. ૮૫.

* જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું?—કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વ-તરફ જોડાણ કરવું. પૂર્ણ જ્ઞાનાનંદ ભગવાન આત્મામાં ફરી ફરીને મતિ-શ્રુતને જોડવાં. તેથી ભ્રાંતિનો નાશ થશે, [illegible] અજ્ઞાનદશાનો નાશ થશે, મિથ્યાત્વનો નાશ થશે કે જે દુઃખનું મૂળ છે. ૮૬.

* દ્રવ્યકર્મથી, નોકર્મથી તથા પંચમહાવ્રતાદિના ભાવકર્મથી તારી મતિ હટાવી દે. જો ત્યાં મતિ રહી જશે તો મરીને તેના ફળમાં અનંતકાળ કાઢવો પડશે. માટે ભગવાન! તું રાગ અને દેહના સંગમાં મતિ ન કર. પ્રભુ! ભવિષ્યમાં દુઃખના ડુંગરમાં અનંતકાળ કાઢવો પડશે. માટે ત્યાંથી તારી મતિ છોડી દે. દેહાદિમાં તારી મતિને ન બગાડ... ન બગાડ, અને પરમબ્રહ્મ સ્વરૂપમાં કે જે અમૃતથી તૃપ્ત તૃપ્ત ભરેલો આનંદનો [illegible] છે તેમાં મતિ લગાવ તો પર્યાયમાં આનંદનો પ્રવાહ વહેશે. ૮૭.

* પ્રત્યેક પદાર્થની થવાવાળી ક્રિયા પોતાની કાળલબ્ધિથી થઈ છે, નિમિત્તથી થઈ નથી. પ્રત્યેક પરિણામ પોતાની ઉત્પત્તિના જન્મક્ષણથી ઉત્પન્ન થયા છે, નિમિત્તથી થયા નથી. અક્ષર લખાય છે તે કલમથી લખાતા નથી. અક્ષરના પરમાણુની ક્રિયાનો કર્તા અક્ષરના પરમાણુ છે. સારી કલમથી સારા અક્ષર થાય કે લખનારની આવડતથી સારા મરોડદાર અક્ષર થાય તેમ નથી. અજ્ઞાની જગતને આવી વાત પાગલ જેવી લાગશે. પણ બાપુ! તારે જગત-સંસારથી છૂટવું છે ને?—તો વસ્તુસ્થિતિની મર્યાદાનો સ્વીકાર કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. દુનિયા ભલે પાગલ માને. 'લોક મૂકે પોકે,' તારે દુનિયાનું શું કામ છે? દુનિયા દુનિયાનું જાણે તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાંણા

ચૂકયે ફરી હાથ નહીં આવે. ભાઈ! બહારનું બધું તો એક-બે ચાર નહીં પણ અનંત-અનંતવાર કરી ચૂકયો છો. તેમાં શું નવું છે?—ને કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે. પણ એની તેં કદી દરકાર કયાં કરી છે?—હવે તો જાગ! ભેદજ્ઞાનનો માર્ગ આચાર્યદેવે તારી સામે ખૂલ્લો કર્યો છે. અરે! તેં ભોગવેલાં દુઃખોનું પૂરું વર્ણન ભગવાનની વાણીથી પણ થઈ શકતું નથી એટલા તો તેં દુઃખ ભોગવ્યા છે, હવે એકવાર તો તારા આત્માની સામે જો! હવે તો પરથી ખસ, સ્વમાં વસ—આટલું બસ. ૮૮.

* જેણે ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવાની અભિલાષારૂપી પાપભાવો તેમજ દયા-દાન-વ્રતરૂપ પુણ્યભાવને એકવાર દૃષ્ટિમાંથી છોડવા પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડ! તેઓ મારે માટે આકિંચન છે—મારા માટે કિંચિત્ માત્ર નથી, હું તો પૂર્ણાનંદનો નાથ છું. રાગનો અંશ માત્ર મારો નથી એમ દૃષ્ટિમાંથી ધર્મ-અર્થ-કામરૂપી ભાવની મમતા છોડી દે ને જ્ઞાનસ્વરૂપી ભગવાનને જ્ઞાન પરિણતિથી તું જાણ એ સિવાય ત્રણકાળમાં આત્મા જાણવામાં આવશે નહીં. ૮૯.

* ભરતચક્રવર્તી ને બાહુબલીજી કે જેઓ તદ્ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢયા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેંકયું! જુઓ તો ખરા! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત્ આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદૃષ્ટાનો ગંભીર પ્રવાહ વહે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ફેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદૃષ્ટા જ છે. જુઓ તો ખરા

ધર્માત્મા જીવ! બહારમાં ચક્ર ફેંકાતાં લોકોમાં હાહાકાર મચી જાય છે અને અંતરમાં અને ધર્માત્મા માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે ચક્રની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો વિકલ્પ તેનો કર્તા તે જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તેઓ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. ૯૦.

* વસ્તુ મુક્ત સ્વરૂપ છે તો તેને બંધ સાથે સંબંધ કેમ થાય છે?—કે મુક્ત સ્વરૂપ વસ્તુ છે એવો તેને સ્વીકાર નથી, તેથી વસ્તુને જે બંધ સાથે સંબંધ છે તે અજ્ઞાનીના અજ્ઞાનનું માહાત્મ્ય છે. જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ પર્યાય સાથે છે. દ્રવ્યને—ધ્રુવને તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નથી. ૯૧.

* ભગવાન કહે છે કે પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો ને! તો તું પરની કોઈ ક્રિયા કરે કે પરની કોઈ ક્રિયા ભોગવે એવું તારું સ્વરૂપ જ નથી, તું તો જ્ઞેયનો જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાનસ્વરૂપ જ છો. પરની, દેહની, કુટુંબની ક્રિયાને પોતે કરે છે એમ જે માને છે, દયા-દાનાદિ ભાવોને પોતે કરે છે એમ જે માને છે તથા સ્ત્રી-પુત્રાદિને કે રાગને પોતે વેદે છે એમ જે માને છે, તેણે આત્માના જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી, માન્યો નથી. જે પર જીવની દયા પાળું છું એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, કારણ કે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞેયને પર તરીકે જાણવાવાળો છે તેના બદલે જ્ઞેયનો પોતે કર્તા-ભોક્તા બને છે—તેમ માને છે, તે મિથ્યાત્વ છે. ૯૨.

* ભાઈ! એકવાર બહારની મોહની મીઠાશ છોડી દે. જેમ ગોળનો રવો-ભેલી મીઠાશથી ભરચક છે તેમ ભગવાન અમૃતનો રવો-ભેલી છે. ત્યાં એકવાર મતિને લગાવ. મોટા ઘર ને ફર્નિચર ને સગવડતાના સાધનોમાં મતિ એટલી બધી એકાકાર થઈ ગઈ છે કે બાપુ! મરતાં તને તે બધું છોડવું આકરું પડશે, માટે ત્યાંથી મતિ હટાવી લે. ૯૩.

* ભગવાન આત્માને શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જોવે તો તારું દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે, જેમાં રાગ અને એક સમયની પર્યાય પણ નથી, જે

ઘડયા વિનાનો ઘાટ છે અર્થાત્ રાગ અને વિકલ્પથી રહિત ટંકોત્કીર્ણ ભગવાન આત્મા છે. અનંતગુણોનો અમૂર્તિક પદાર્થ છે. જ્ઞાયકસ્વભાવ છે. જાણન...જાણન...જાણન જેનો સ્વભાવ છે, ત્યાં મતિ લગાડવી. વીતરાગી જ્ઞાયકસ્વભાવ કે જેમાં દેવ-શાસ્ત્ર-ગુરુનો રાગ પણ નથી, દેહ-વાણી-મન પણ જેમાં નથી, એવો સદા આનંદકંદ પ્રભુ છે. મતિ ત્યાં લગાવ, તો તારું કલ્યાણ થશે. એ સિવાય કલ્યાણ થશે નહીં. ૯૪.

* ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. 'અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો....હવે મારું શું થશે!' એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ.... એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૯૫.

* જેવી રીતે હાથી આદિ પશુઓ મોદક આદિ સુંદર આહાર ને ઘાસ બંને સાથે ખાતા થકા તે બેની ભિન્નતાને નહીં જાણતાં થકા તૃણનો સ્વાદ અનુભવે છે, તેમ તું સુંદર ચૈતન્યસ્વભાવને રાગ સહિત માનતો થકો તે બેની ભિન્નતાના અભાવને લીધે રાગાદિ અસુંદર ભાવને જ અનુભવી રહ્યો છે! તેથી તું પશુ સમાન છો ને તેના ફળમાં તું પશુ થવાનો છો. માટે હે દુરાત્મન્! તું રાગનો આસ્વાદ છોડ...છોડ. ૯૬.

* ઉપશમરસનો દરિયો આત્મા છે, અકષાય સ્વભાવની મૂર્તિ છે, વીતરાગ સ્વભાવની મૂર્તિ છે. એ કોઈ કાળે દયા-દાન આદિ રાગરૂપે થઈ શકે નહીં. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા કે મહા આનંદનો નાથ હું પોતે જ છું. અનાદિની એવી ને એવી જ્ઞાનપ્રકાશની મૂર્તિ તું છો. તું રાગરૂપે કદી થયો જ નથી. તું સદાય જ્ઞાન ઉપયોગરૂપે જ રહ્યો છે. ચૈતન્ય પ્રકાશરૂપે જ તું સદાય રહ્યો છે. ચૈતન્ય પ્રકાશની ઝળહળ જ્યોતિરૂપે રહ્યો થકો તું કદી પણ રાગ અંધકારરૂપ થયો જ નથી. મા સર્વ પ્રકારે એકવાર પ્રસન્ન થા, પ્રસન્ન થા. રાગના અનુભવમાં પડયે

તે તે છોડીને ચૈતન્ય આનંદના અનુભવમાં આવી જા. તારા આત્મસ્વભાવને અવલોકવા માટે એકવાર સર્વ પ્રકારે પ્રસન્નતા પૂર્વક તારા વીર્યને ઉછાળ. તને આનંદનો લાભ થશે. ૯૭.

* હે ભાઈ! તું કોઈપણ રીતે એકવાર કુતૂહલ કરીને પણ જાણનારને જાણવા પ્રયત્ન કર. ચૈતન્યનું નૂર આત્માને જાણવાનો કૌતૂહલી થા. મરણ સુધીના પ્રસંગો બને તોપણ આત્માનો અનુભવ કર. ભગવાન! એકવાર તું કોણ છે એ જાણવાનો કૌતૂહલી તો થા. ૯૮.

* ભગવાન પૂર્ણાનંદનો નાથ છે કે જેને કહેવા માટે યોગીન્દ્રદેવને શબ્દો ઓછા પડે છે. તારી મોટાઈ તો જો! તારું જે સ્વરૂપ ભગવાને જોયું તેને ભગવાન પણ કહી શક્યા નથી. જડ વાણી દ્વારા આત્માને કઈ રીતે વર્ણવી શકાય? દુશ્મન દ્વારા કેટલા વખાણ કરાવી શકાય? "જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો"—આવું પરમબ્રહ્મ તારું સ્વરૂપ છે, આવા પરમબ્રહ્મ સ્વરૂપમાં પ્રભુ! તારી મતિ લગાડ. એકવાર તેની રુચિ કર. નિર્વિકલ્પ આનંદનો નાથ, અતીન્દ્રિય સુખનો સાગર, ગુણનું ગોદામ તું છો, એમ એકવાર મહિમા કર. મહિમા વિના તારી મતિ ત્યાં લાગશે નહીં. બહારનો મહિમા છોડ, ત્યાં શું છે! માટે પરનો મહિમા અને આકર્ષણ છોડીને એકવાર પરબ્રહ્મ પ્રભુનો મહિમા લાવીને ત્યાં મતિ જોડ તો તારી ચાર ગતિ મટી જશે. ૯૯.

* પરદ્રવ્યની પંચાતમાં ફસાઈ ગયો છે! પણ એક વીતરાગી નિશ્ચય સ્વભાવ જ ઇષ્ટ છે, બાકી સર્વે અનિષ્ટ છે. માટે તારું વલણ ફેરવી નાખ. પર તરફનું વલણ છોડી સ્વ-તરફનું વલણ કર. જ્યાં સુધી પર, નિમિત્ત કે વિકલ્પનો પ્રેમ છે ત્યાં સુધી આત્માનો દ્વેષ છે. અરે જીવ! ભાગ્ય વિના આ વાત સાંભળવા પણ ક્યાંથી મળે? ભગવાન તને કહે છે કે પ્રભુ! તું તારી સામે જો ને! ત્યાં સુખ ભર્યું પડ્યું છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય તેમ ભાઈ! આ વાત સાંભળવા મળી, સાંભળવાના ટાણા આવ્યા ત્યારે પહેલાં સંસારના આ કાર્ય કરી લઉં ને પહેલાં તે કાર્ય કરી લઉં—એમ ન હોય; નહીં તો ટાણા ચાલ્યા જશે તે ફરી પાછા નહીં આવે, માટે પહેલાં આ કરી લે. ૧૦૦.

* ત્રિકાળી વસ્તુસ્વભાવની સન્મુખ થઈને જે નિર્વિકલ્પ શાંતિની દશા પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! આ મનુષ્યપણું મળ્યું છે તો મનુષ્યપણામાં શું કરવું?—કે ચિદાનંદપ્રભુના ધ્યાનથી જે વીતરાગી સમાધિ પ્રગટી તે સાધકદશા પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે એવો જે પરમોત્કૃષ્ટ પરમાત્મા તે હું છું એમ નિર્ણય કરવો. અરે! આ તો ભાગ્યશાળીને કાને પડે તેવી દુર્લભ વાત છે. જિંદગી ચાલી જાય છે, દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નિશ્ચિત છે, કરવાનું આ છે, દેહમાં સુખ નથી, અનુકૂળ સંયોગોમાં સુખ નથી, દયા–દાન–વ્રત–ભક્તિમાં કે વ્યવહારરત્નત્રયમાં સુખ નથી; આનંદનો નાથ નિજ પરમાત્મતત્ત્વ તેની દૃષ્ટિ કરવી, તેનો મહિમા લાવીને સ્વીકાર કરવો તે કરવાનું છે. જ્ઞાનમાં–લક્ષમાં તો લે કે વસ્તુ આવી છે, પછી પ્રયોગ કર. ૧૦૧.

[ પેઈજ નંબર ૨૫ ઉપર બોલ નંબર ૮૦ પછી બે જુદા જુદા કલરમાં છપાયેલો બોલ એક જ બોલ — નંબર ૮૨ — છે. બાકી રહી ગયેલો ૮૧મો બોલ અહીં નીચે આપેલ છે. ]

* આત્માના ગૂઢરહસ્યભૂત પરમાત્મસ્વરૂપને બતાવતાં સંતો ભવ્યને ઉત્સાહ આપે છે: હે જીવ! એક સમયના વિકલ્પને દેખીને તું ડર નહિ...મુંઝા નહિ, ઉલ્લસીત વીર્યથી મહિમા લાવીને તારી અંતરની તાકાતને ઉછાળ! ૮૧.

— * —

કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલાં સંસારનાં બધાં કાર્યો, પાણીમાં માટીની પૂતળીની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઈ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ! ઘણા ખેદની વાત છે કે એ સાંસારિક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે? બુદ્ધિમાન પ્રાણી ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી. (શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૦)

(તા. ૧૫-૪-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મસાધનાતીર્થમાં—સુવર્ણપુરી તીર્થક્ષેત્રમાં —દૈનિક ધાર્મિકગતિવિધિ સુચારુરૂપે યથાવત્ પ્રવર્તી રહી છે. સવારે જિનેન્દ્રપૂજા, ૮। થી ૯। પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસારજી પર પંદરમી વારનું અધ્યાત્મ-રસપૂર્ણ અદ્ભુત ટેઈપ પ્રવચન, બપોરે ૩। થી ૪। પ્રવચનસાર પર શાસ્ત્રપ્રવચન, ત્યાર પછી જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ, રાત્રે ૭।। થી ૮।। પૂજ્ય ગુરુદેવશ્રીનું 'અષ્ટપાહુડ' પર ૧૯૭૦ નું ભાવવાહી ટેઈપ-પ્રવચન અને ત્યાર પછી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમના સ્વાધ્યાયભવનમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા, તેમ જ વિશેષ પ્રસંગો પર આદરણીય પં. હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા-ભક્તિનો મનોજ્ઞ કાર્યક્રમ સુંદર રીતે ચાલી રહ્યો છે. શ્રી સીમંધરસ્વામી જિનમંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય, ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા અને શ્રી પરમાગમ-મંદિરનો વાર્ષિક ઉત્સવ સાનંદ સંપન્ન થવાની સાથે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૫૮ મી કલ્યાણકારી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર તરફથી અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયો. સમ્યક્ત્વ મહિમા પ્રેરક આ આનંદદાયી મહોત્સવનો લાભ લેવા માટે ભારતવર્ષના વિભિન્ન પ્રદેશોના ૫૦૦ થી અધિક મુમુક્ષુ મહેમાનો આવ્યા હતા. શ્રી ચોંસઠ-ઋદ્ધિમંડળ-વિધાન-પૂજાના સમયે શ્રી પરમાગમ મંદિર ભરાઈ જતું હતું. ઉત્સવ દરમ્યાન રોજ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પ્રાસંગિક સ્તુતિ-ભક્તિ તેમ જ બપોરે શાસ્ત્ર-પ્રવચન બાદ જિનમંદિરમાં ભાવવાહી વૈરાગ્યભીના મધુર સ્વરમાં જિનેન્દ્રભક્તિ કરાવતા હતા, જેના લઈને વાતાવરણ ભક્તિભીનું ને આનંદમયી બનીને ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિરૂપ બનતું હતું. આ સમ્યક્ત્વજયંતીના મંગલ અવસરે બપોરે શાસ્ત્રસભામાં સમાગત અધ્યાત્મતત્ત્વ પ્રેમી વિદ્વાન શ્રી હિંમતભાઈ ડગલી, શ્રી શશીકાંતભાઈ શેઠ, શ્રી પ્રાણભાઈ કામદાર તથા ડૉ. શ્રી પ્રવિણભાઈ દોશીનો સમ્યક્ત્વ તેમ જ સ્વાનુભવ પરિણત સત્ પુરુષની મહિમાથી ભરપૂર શાસ્ત્ર પ્રવચનોનો શ્રોતાઓને લાભ મળ્યો હતો. સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન બાદ રોજ પૂજ્ય બહેનશ્રીની અનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા રાખવામાં આવતી હતી જે સમસ્ત મુમુક્ષુ સમાજને આનંદકારી અનુભૂત થતી હતી.

આ મંગલ મહોત્સવના ઉપલક્ષમાં રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુદાસ મોહનલાલ

ઘીયા તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરનાં કેસેટ-પ્રવચનોમાં રૂા. ૫/- નું ડીસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

* જન્મશતાબ્દી - સમાપન - સમારોહની નિમંત્રણ પત્રિકા:— રવિવાર તા. ૧-૪-૯૦ના રોજ પ્રાતઃ જિનમંદિરમાં સમૂહપૂજા પછી પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-સમાપન-સમારોહ'ની નિમંત્રણ પત્રિકા લખવાની મંગલ વિધિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ અવસરે બહારગામથી પણ કેટલાય મુમુક્ષુઓ આવ્યા હતા.

* ચૈત્ર સુદ ૧૦, તા. ૪-૪-૯૦ના રોજ શ્રી માનસ્તંભની પ્રતિષ્ઠાનો ૩૮ મો વાર્ષિક દિન પૂજા ભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવાયો હતો.

* ચૈત્ર સુદ ૧૩ તા. ૭-૪-૯૦ શનિવારનો શુભ દિન શાસનનાયક બાલબ્રહ્મચારી ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણનો તેમ જ ભગવાન શ્રી મહાવીર સ્વામીના સ્વાનુભવ પ્રધાન અધ્યાત્મતીર્થનો પુનઃ ઉદ્યોત કરનાર અધ્યાત્મયુગ-પ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના દિગમ્બર જૈનધર્મમાં મંગલ પરિવર્તનની ૫૬ મી જયંતીનો વાર્ષિક મંગલ અવસર પૂજાભક્તિ તેમ જ જ્ઞાનોપાસનાના ભવ્ય આયોજન પૂર્વક ઉજવાયો હતો.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૧ મી મંગલકારી જન્મજયંતીના ઉપલક્ષમાં તા. ૧૨-૪-૯૦ ગુરુવારથી તા. ૨૬-૪-૯૦, ગુરુવાર (વૈશાખ સુદ ૨) સુધી ૧૫ દિવસોનો પુરુષો માટેનો રાખવામાં આવેલ ધાર્મિક શિક્ષણ વર્ગ સારી રીતે ચાલી રહ્યો છે જેનો લાભ લેવા બહાર ગામથી શિક્ષણાર્થીઓ દિન પ્રતિદિન આવી રહ્યા છે. ઉત્તમ-વર્ગમાં બ્રહ્મચારી શ્રી ચંદુભાઈ ઝોબાળિયા શ્રી સમયસાર-પૂર્વરંગ અને શ્રી પંચાસ્તિકાય ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ (વઢવાણ) શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા અને છઢાળા ઉપર શિક્ષણાર્થીઓને સુંદર શૈલીથી શિક્ષણ આપી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાની ખુશાલીમાં

રૂા. ૫૦૧૧/- શ્રી નંદલાલ પ્રાગજીભાઈ મહેતા, ઉમરાળા હસ્તે શ્રી જયેશભાઈ તરફથી સંસ્થાના વિવિધ દાન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

સૂચના :—

આગામી મે માસનો અંક ૧૫ મી મેના રોજ પ્રકાશિત થશે.

— ※ —

પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં

## 'ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી'–સમાપનનો

# * મંગલ મહોત્સવ *

[ તા. ૨૨–૪–૯૦ થી તા. ૨૬–૪–૯૦ ]

મુમુક્ષુ સમાજ ઉપર અનંત અનંત ઉપકાર કરનાર, ૪૫-૪૫ વર્ષ સુધી ધર્મવર્ષા વરસાવીને જિજ્ઞાસુઓને પુરુષાર્થની પ્રેરણા આપનાર, અનેક સૂક્ષ્મ સિદ્ધાંતોના રહસ્યોદ્ઘાટન દ્વારા સ્વાનુભૂતિનો માર્ગ દર્શાવનાર વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દીનો અણમૂલો મંગલમહોત્સવ ગત વર્ષે તેઓશ્રીની સાધનાભૂમિમાં અનેરા ઉત્સાહપૂર્વક ભવ્ય રીતે ઉજવાયો હતો. આ વર્ષે તે મંગલમહોત્સવના સમાપનનો સમારોહ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપમ મહિમા પ્રકાશીને મુમુક્ષુસમાજ પર અસાધારણ ઉપકાર કરનાર પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની કલ્યાણકારી મંગલ છત્રછાયામાં ચૈત્ર વદ ૧૨ રવિવાર તા. ૨૨–૪–૯૦થી વૈશાખ સુદ–૨ ગુરુવાર તા. ૨૬–૪–૯૦ —પાંચ દિવસ સુધી શ્રી 'જિનસહસ્રનામમંડલવિધાન' મહાપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર ટેપ પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્ર-પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, વિડિયો દ્વારા ગુરુ-દર્શન તેમ જ જિનબિંબ-પ્રતિષ્ઠાદર્શન તથા અન્ય વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમપૂર્વક અતિ આનંદોલ્લાસથી ઉજવવામાં આવશે.

[ જન્મશતાબ્દી-સમાપનનો મંગલ મહોત્સવ ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવવાની તૈયારી ચાલી રહી છે. મહેમાનો પણ ૧૦–૧૫ દિવસ વહેલાં આવવા લાગ્યા છે. વિગતવાર સમાચાર આવતા અંકે આપવામાં આવશે. ]

# બધાને 'ભગવાન' કહીને બોલાવનાર

## પૂજ્ય ગુરુદેવ

卐

અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય! તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી, પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણી ય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો...ઓળખો!' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા...ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા. અલ્પ કાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય-અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

—પૂજ્ય બહેનશ્રી

કહાન સંવત-૧૦ □ (૫૫૮) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૦ વર્ષ-૪૬) વીર સં. ૨૫૧૬ એપ્રિલ, ૧૯૯૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૩૦૦